## પ્રકરણ (૩)

### નાયક-નાયિકાના સહાયક તથા વિરોધી પાત્રો

સાગરનન્દી કૃત 'નાટકલક્ષણરત્નકોશ' અનુસાર અભિનય કરવા માટે રંગમંચ ઉપર આવતી અને પોતાનું કાર્ય પુરું થઇ ગયા પછી રંગમંચ ઉપરથી વિદાય લેતી બધી વ્યક્તિઓ 'પાત્ર' કહેવાય છે. (શ્લોક ૨૫૫) નાટ્યમાં આવતા પાત્રોમાં નાયક, નાયિકા ઉપરાંત તેમનાં સહાયક અને વિરોધી એવા અનેક પાત્રોનો સમાવેશ થાય છે.

ભરતમુનિએ પાત્ર માટે 'પ્રકૃતિ' સંજ્ઞા પ્રયોજી છે. 'નાટ્યશાસ્ત્ર'ના ૩૫ માં અધ્યાય 'ભૂમિકાવિકલ્પ' અંતર્ગત વિદૂષક, ચેટ, વિટ, શકાર વિગેરે પાત્રોનાં લક્ષણો તથા ૩૪ માં અધ્યાય 'પ્રકૃતિવિચાર' અંતર્ગત રાજાને અંતઃપુરમાં તેમજ પ્રજા સાથેના સંબંધમાં ઉપયોગી વિવિધ સહાયક પાત્રોનાં લક્ષણો નિરુપ્યા છે.

ઉપચારની દૃષ્ટિએ બે પ્રકારની પાત્રશ્રેણી ભરતમુનિ વર્ણવે છે (૧) બાહ્ય અને (૨) આભ્યન્તર. રાજોપચાર સાથે સંકળાયેલાં પાત્રો આભ્યન્તર તથા બાહ્યોપચાર સાથે સંકળાયેલાં પાત્રો 'બાહ્ય' કહેવાય છે. (અધ્યાય ૩૪ શ્લોક ૨૯-૩૦)

### આભ્યન્તર પાત્રો

#### (૧) રાજાના અંતઃપુરમાં સમાશ્રિત સ્ત્રી-પાત્રો

રાજોપચાર માટે અંતઃપુરમાં સમાશ્રિત સ્ત્રીવિભાગ અને તેમના ઉપચાર સંબંધી ચર્ચા કરતાં ભરતમુનિ, નાયિકા ઉપરાંત રાજાની અન્ય પત્નીઓ વિષે વિધાન કરે છે. રાજાની અન્ય પત્નીઓની મર્યાદા ભિન્ન ભિન્ન હોય છે. એટલે તેમનાં નામ પણ ભિન્ન છે. મહાદેવી, સ્વામિની અને સ્થાપિતા વિગેરે ભિન્ન પદ અને મર્યાદાના પ્રતીક છે. આ ઉપરાંત મધ્ય અને નિમ્ન શ્રેણીની અનેક સ્ત્રીઓની નામાવલી ભરતમુનિએ રજૂ કરી છે, જે અંતઃપુરના ભોગવિલાસમય જીવનનો ખ્યાલ આપે છે. ભોગિની, શિલ્પકારિણી, નાટકીયા, અનુચારિકા, પરિચારિકા, સંચારિકા, મહત્તરી, પ્રતિહારી, કુમારી, સ્થવિરા અને આયુક્તિકા વિગેરે. આ વિવિધ પ્રકારના

નારી પાત્રો છે. આ મધ્યમ તથા અધમ શ્રેણીની નારીઓનો પ્રયોગ પછીના નાટ્યકારોએ પોતાના નાટકોમાં કર્યો છે. પ્રતિહારી, વૃદ્ધાધાત્રી અને તાપસી વિગેરેનો પ્રયોગ ભાસના 'સ્વપ્નવાસવદત્તા'માં છે. 'માલવિકાગ્નિમિત્ર'ના બીજા અંકમાં પરિવ્રાજિકા નિર્ણાયિકા તરીકે નિમાય છે. ઉપરોક્ત 'આભ્યંતર' નારીપાત્રોમાં ગણિકાનો સમાવેશ થતો નથી કારણ કે સામાન્યપણે તે સુશીલ હોતી નથી એટલે તેનો અંત:પુરમાં પ્રવેશ નિષિદ્ધ છે.

'ભાવપ્રકાશન'માં અંત:પુરમાં સમાશ્રિત સ્ત્રીપાત્રો વર્ણવવામાં આવ્યા છે. તેમાં મહિષી, મહાદેવી, દેવી, ભોગિની, આશ્રિતા, નાટકીયા, કામુકા શિલ્પકારિકા વિગેરે રાજાની નાયિકા સિવાયની પત્નિઓ ઉપરાંત પ્રેક્ષણિકા, મહત્તરી, પ્રતીહારી, કુમારી, વૃદ્ધા, આયુક્તિકા વિગેરે સ્ત્રીપાત્રોનો ઉલ્લેખ થયો છે. આ ઉપરાંત શય્યાપાલી, છત્રપાલી, ચામરધારિણી, સંવાહિકા, ગન્ધયોક્ત્રી, માલાયોક્ત્રી તથા આભરણયોક્ત્રી વિગેરે પરિચારિકાઓ, વિભિન્ન કક્ષોની અધિષ્ઠાત્રીઓ, ઉપવનની અધિષ્ઠાત્રીઓ તથા દેવતા, યજ્ઞ, ક્રીડા, મહેલ અને પ્રાસાદની અધિષ્ઠાત્રીઓ વિગેરે અનુચારિકાઓ તથા વીટિકાદાયિનીઓ, વેત્ર ધારિણીઓ, અસિધારિણીઓ, આહવાયિકાઓ, પ્રેક્ષણિકાઓ તથા યામિનીઓ વિગેરે સંચારિકાઓનું પણ વર્ણન છે.

(અધિકાર ૧૦ શ્લોક ૨૪, ૨૯ થી ૪૪)

(૨) અંત:પુરમાં સમાશ્રિત પુરુષ પાત્રો

અંત:પુરમાં નિયોગ અને પ્રયોગ અર્થે નિયુક્ત પુરુષ પાત્રોમાં ભરતમુનિએ નપુંસક, સ્નાતક, કંચુકીય, ઔપસ્થાયિક, વર્ષવર, નિર્મુંડ વિગેરે પાત્રોનો ઉલ્લેખ કર્યો છે.

(શ્લોક ૭૦ થી ૭૩)

નપુંસક

ભરતમુનિએ અંત:પુરમાં રહેનારા પાત્રો 'સંભોગશક્તિવિહીન' હોવા જોઇએ તેવું વિધાન કર્યું છે. અંત:પુરમાં ત્રીજી પ્રકૃતિના એવા નપુંસકોને હરવા-ફરવાની છુટ આપવી જોઇએ એવું ભરતમુનિનું વિધાન છે. (શ્લોક ૭૦/૭૩)

નાટ્યદર્પણ'માં સદાચારી, શ્રેષ્ઠ અને પૌરુષહીન 'કારુક' વિગેરે વિશેષ કાર્યકર્તા પુરુષો અંત:પુરમાં હોવા જોઇએ એવું વિધાન છે. દ્વારપાલ ચતુર નપુંસક હોવો

કરવી જોઇએ, એવું પણ કથન છે. (સૂત્ર ૨૫૪)

ભરતમુનિએ નપુંસકને સંકીર્ણ અર્થાત મિશ્ર પ્રકૃતિનો માન્યો છે.

સ્નાતક

ભરતમુનિના કથન અનુસાર અંત:પુરના વ્દારસ્થાને 'આર્યઆચાર' ધરાવતા સ્નાતકની નિમણુંક કરવી જોઇએ. (શ્લોક ૭૩ ઉત્તરાર્ધ) સંસ્કૃત નાટકોમાં સ્નાતકોનો ઉલ્લેખ મળતો નથી. સિલ્વાન લેવી જેને " a mayor of the place " કહે છે તે પુષ્યમિત્ર કદાચ સ્નાતક હોઇ શકે.

ભરતમુનિ જણાવે છે કે દેવોના વિવિધ પ્રયોજનો માટે રાજાએ વૃધ્ધ, કુશળ, કામદોષથી વર્જિત એવા બ્રાહ્મણોની નિયુક્તિ કરવી જોઇએ. (શ્લોક ૭૪)

કંચુકીય

ભરતમુનિના કથન અનુસાર કંચુકીય વિદ્યાસત્ય સંપન્ના, કામદોષ વિવર્જિતા, જ્ઞાનવિજ્ઞાનકુશલા હોય છે. રાજાએ કંચુકીયની નિયુક્તિ રાજ્યસંબંધી કાર્યો માટે કરવી જોઇએ. (શ્લોક ૭૫/૭૬ પૂર્વાર્ધ)

'નાટ્યદર્પણ' અનુસાર શુભકર્મોમાં રાજાએ કંચુકીયની નિમણુંક કરવી જોઇએ. કંચુકીય ઉત્તમ જાતિનો તથા સ્ત્રી સ્વભાવવાળો હોવો જોઇએ. (સુત્ર ૨૫૪)

'ભાવપ્રકાશન' અનુસાર કંચુકીય નિષ્કામી, બ્રાહ્મણ, કંચુક, પાઘડી ધારણ કરનારો તથા જ્ઞાનવિજ્ઞાનથી સંપન્ન હોય છે. કંચુકીય રાજાનો સમીપવર્તી હોય છે તથા અન્ત:પુરનો આશ્રિત હોય છે. તેની નિયુક્તિ અંત:પુરના કાર્યોમાં તથા પ્રેષ્યકર્મ માટે થવી જોઇએ. (૧૦/૪૪, ૪૭)

કાલિદાસ કૃત 'વિક્રમોવર્શીય'માં ત્રીજા અંકના વિષ્કંભકમાં કંચુકી લાતવ્ય પોતાની વૃધ્ધાવસ્થાની નિંદા કરતો કહે છે કે '' દરેક ગૃહસ્થ યુવાવસ્થામાં સંપત્તિ મેળવવાનો પ્રયત્ન કરે છે અને પછી જ્યારે પુત્રો ભાર ઉઠાવી લે ત્યારે આરામ માટે

શક્તિમાન થાય છે. પણ પ્રતિદિન શરીરને ક્ષીણ કરતી અમારી આ વૃદ્ધાવસ્થા તો ગુલામીરૂપ છે - સેવારૂપી કારાવાસવાળી છે. અને સ્ત્રીઓ ઉપરનો અધિકારી કષ્ટરૂપ છે.'' (૩/૧) મોટા ભાગના સંસ્કૃત નાટકમાં કંચુકી અંત:પુરના ઉપરી તરીકે નિરુપાયેલો જોવા મળે છે. અંત:પુરમાંના અન્ય દાસદાસીઓ તેની આજ્ઞા મુજબ કાર્ય કરે છે. તે પોતાની વૃદ્ધાવસ્થાની નિંદા કરતો નિરુપાયેલો હોય છે.

'કંચુક અસ્યાસ્તીતિ કંચુકી' - કંચુકી સફેદ રંગનો લાંબો ઝભ્ભો ધારણ કરતો હોવાથી તેને કંચુકી કહેવામાં આવે છે.

## વર્ષધર / વર્ષવર

ભરતમુનિના કથન અનુસાર વર્ષધર અથવા વર્ષવર અલ્પસત્વયુક્ત, કુશળ, કલીવ અને સ્ત્રીસ્વભાવવાળો અને જાતિદોષ ન ધરાવનાર હોય છે. (શ્લોક ૭૯) રાજાએ તેની નિયુક્તિ 'કામચાર' માટે કરવી જોઇએ. (શ્લોક ૭૬)

'નાટ્યદર્પણ' અનુસાર વર્ષવર ન્યુન પૌરુષવાળો તથા વિનીત હોવો જોઇએ અને તેની નિમણુંક રાજાએ અંત:પુર-રક્ષક તરીકે કરવી જોઇએ. (સુત્ર ૨૫૪)

'ભાવપ્રકાશન' અનુસાર વર્ષવર અલ્પસત્વ અર્થાત્ એકવડા બાંધાનો, સ્ત્રી જેવા સ્વભાવવાળો, કલીવ અર્થાત્ નપુંસક, નિષ્કામી, સ્વત: અથવા જાતિથી કામમુક્ત વ્યક્તિ છે. વિષયાસક્ત પ્રચ્છન્ન-કામી રાજાની સહાયતા માટે સ્ત્રીઓના વાર-વિશેષના કથનમાં વર્ષવરની નિયુક્તિ કરવી જોઇએ. (૧૦/૪૫, ૪૭)

શ્રી મનમોહન ઘોષ વર્ષધર પાઠ સ્વીકારે છે અને વર્ષવરનો શાબ્દિક અર્થ One whose seminal discharge is arrested એવો આપી તેનો અસ્વીકાર કરે છે. (અંગ્રેજી અનુવાદ)

## નિર્મુંડ

ભરતમુનિના કથન અનુસાર નપુંસક, પણ સ્ત્રીસ્વભાવથી વર્જિત તેમજ કામવિજ્ઞાનથી વર્જિત એવા નિર્મુંડોની નિયુક્તિ સ્ત્રીઓને લાવા લઇ જવામાં તેમજ કુમારિકાઓ

તથા બાલિકાઓના રક્ષણ અર્થે કરવો જોઇએ. (શ્લોક ૮૦-૮૧, ૭૭)

'નાટ્યદર્પણ' અનુસાર અત્યન્ત પૌરુષહીન અને અકર્મણ્ય નિર્મુણ્ડ, દાસી વિગેરે સ્ત્રીઓને અહીં-તહીં મોકલનારો હોય છે. (સુત્ર ૨૫૪)

'ભાવપ્રકાશન' અનુસાર કામથી અપરિચિત તથા કોશ (સંગ્રહ)થી પર રહેનારા નિર્મુણ્ડ કહેવાય છે. વધુઓને બહાર લઇ જવા માટે રાજાએ નિર્મુણ્ડની નિયુક્તિ કરવી જોઇએ. (૧૦/૫૧-૫૨)

શ્રી મનમોહન ઘોષ નિર્મુંડનો અર્થ 'મુંડાવેલા માથાવાળો' એવો કરે છે. (અંગ્રેજી અનુવાદ)

ઔપસ્થાયિક

ભરતમુનિના કથન અનુસાર ઔપસ્થાયિકની નિમણુંક સ્ત્રીઓને લાવવા લઇ જવામાં તેમજ કુમારિકાઓ તથા બાલિકાઓની રક્ષા કરવા માટે કરવી જોઇએ. (શ્લોક ૭૭)

'ભાવપ્રકાશન' અનુસાર અવિદ્ધકર્ણ, નપુંસક, ઠીંગણો, મોટા દાંતવાળો, તુંદિલ, અર્થાત મોટા પેટવાળો તથા અંત:પુરમાં વિચરણ કરનારો પુરુષ ઔપસ્થાયિક કહેવાય છે અને તેની નિમણુંક રાજાઓની વધુઓની નિકટ રહેવા માટે કરવી જોઇએ. (૫૦/૫૨ અધિકાર ૧૦)

શ્રી મનમોહન ઘોષ જેની પુરુષેન્દ્રિય કાપી નાંખવામાં આવી છે તેવાને ઔપસ્થાયિક કહયો છે. (અંગ્રેજી અનુવાદ)

'ભાવપ્રકાશનકારે' અંત:પુરમાં સમાશ્રિત ઉપરોક્ત પુરુષ પાત્રો ઉપરાંત રાજાના અવરોધ (અંત:પુર)ના ભોજ્ય-ભક્ષ્ય, આભરણ તથા વસ્ત્રો માટે તેમજ તત્કાલ દણ્ડ માટે 'કિરાત' (એક પ્રકારની જંગલી કંદમુળોનો આહાર કરનારી, નદીકીનારે તથા પર્વતો ઉપર વાસ કરનારી, વિચિત્ર સ્ત્રીઓવાળી, સુંદર ભાષા જાણનારી, કર્કશ ચિબુક તથા કઠોર અંગોવાળી જાતિ) સ્ત્રીઓના વિનોદ પરિહાસ માટે કુબ્જ તથા વામન, સ્ત્રી-પુરુષના ચિહ્નોથી રહિત અંગોવાળા, થોડી દાઢી-મુછવાળા, સ્વલ્પ સ્તનયુક્ત,

અધ્યાગારના અધિકારી 'અધ્યાગાર', રાજાઓની બધી અવસ્થાઓમાં સર્વદા આજ્ઞાકારી તથા કુહક લીલાઓ વડે પરિહાસ કરનારા એવા 'મુક' ની આભ્યંતર પાત્રો તરીકે ગણના કરી છે.

'સાહિત્યદર્પણ'કારે અંત:પુરના સહાયક પાત્રોમાં વામન, નપુંસક, કિરાત, મ્લેચ્છ, આભીર, શકાર, કુબ્જ વિગેરેનો ઉલ્લેખ કર્યો છે. (૩/૪૩)

'નાટ્યદર્પણ'કારે અંત:પુરમાં ઉપયોગી પરિચારક વર્ગમાં કારુક, કંચુકીય, વર્ષવર, નિર્મુંડ વિગેરે પુરુષ સહાયકો તથા પ્રતીહારી, મહેતરાની, વૃદ્ધા અને શિલ્પકારિકા વિગેરે સ્ત્રી સહાયકોનો ઉલ્લેખ કર્યો છે. (સૂત્ર ૨૫૪)

'દશરુપક'કારે અન્ત:પુરમાં વર્ષવર, કિરાત, મુક, વામન, મ્લેચ્છ, આભીર, શકારો પોતપોતાના કાર્યો અનુસાર ઉપયોગમાં આવે છે એવું વિધાન કર્યું છે. (૨/૪૪)

'રત્નાવલી' નાટિકામાં વિવિધ અંત:પુર સમાશ્રિત પાત્રોનો એકસાથે ઉલ્લેખ થયો છે. બીજા અંકમાં રાજાનો પાળેલો વાંદરો નાસી છુટયાનો સાદ સંભળાય છે. અંત:પુરમાં નાસભાગ થાય છે. નેપથ્યમાંથી થતા વર્ણન અનુસાર 'મનુષ્યોમાં ગણતરી નહી થતી હોવાથી શરમ છોડીને 'વર્ષવર' લોકો નાસી ગયા. ત્રાસનો માર્યો આ 'વામન' કંચુકીના જામામાં ભરાઇ જાય છે. નગરના છેડાનો આશ્રય લેતાં કિરાત લોકોએ પોતાના નામને અનુરુપ આચરણ કર્યું. કુબ્જ લોકો પોતે જોવાઇ જવાની શંકાથી નીચા વળીને ધીમે ધીમે જાય છે.'' (અંક ૨/૩)

મોટાભાગના સંસ્કૃત નાટકોમાં અંત:પુરમાં સમાશ્રીત આભ્યંતર પાત્રોમાં કંચુકી તથા પ્રતિહારી પાત્રરુપે પ્રવેશે છે.

## બાહ્ય પાત્રો

અંત:પુરની બહારના - 'બાહ્યપુરુષાસંચરો'માં ભરતમુનિએ (યુવ)રાજ, સેનાપતિ, પુરોધા, મંત્રી, સચિવ, પ્રાડ્વિવાક, કુમારાધિકૃતા, તથા રાજાના અન્ય 'સભાસ્તારો'નો ઉલ્લેખ કર્યો છે. (શ્લોક ૮૨-૮૩)

પ્રત્યેક બાહ્યપુરુષના લક્ષણો પૃથકપણે ભરતમુનિએ આ પ્રમાણે નિરુપ્યાં છે.

## (૧) યુવરાજ

ભરતમુનિએ બાહ્યપુરુષોના સંદર્ભમાં પ્રયોજેલા નૃપ તથા રાજા શબ્દોને અભિનવગુપ્તે યુવરાજના વાચક માન્યા હોવાથી અહીં નૃપના લક્ષણોને યુવરાજના લક્ષણો માનવામાં આવ્યા છે. તે પ્રમાણે યુવરાજ, ''શીલવાન, બુધ્ધિસંપન્ન, સત્યવાદી, જિતેન્દ્રિય, દક્ષ, પ્રગલ્ભ, સ્મૃતિમાન, વિદ્વાન્, મતિમાન, શુચિ, દીર્ઘદર્શી, મહોત્સાહ, કૃતજ્ઞ, પ્રિયવાક્પટુ, લોકપાલવ્રતધર, કર્મમાર્ગ વિશારદ, ઉત્થિત, અપ્રમત્ત, વૃધ્ધસેવ્ય, અર્થશાસ્ત્રવિત્, વિવિધ પ્રકારના નયપ્રચારજ્ઞ, ઉહાપોહ વિશારદ, પરભાવેંગિતજ્ઞ, શૂર, વીર, ધીર, ક્ષમાવાન્, વિવિધ શાસ્ત્રાર્થતત્ત્વજ્ઞ, વિવિધ શિલ્પપ્રવર્તક, નીતિશાસ્ત્રમાં કુશળ, અનુરાગવાન, સ્થાન-વૃધ્ધિ-ક્ષયનો જ્ઞાતા, પરરન્ધ્રવિચક્ષણ-શત્રુની નબળાઇઓ જાણનાર, કૃતજ્ઞ, અવ્યસની હોય છે.''

( શ્લોક ૮૪ થી ૮૮)

'દશરુપક'માં ધનંજયે નેતાના જે ગુણો નિરુપ્યા છે તે ભરતમુનિ કથિત નૃપ-અહીં યુવરાજ-ના ગુણોને મળતા આવે છે.

ભોજે જેને 'ઉપનાયક' કહયો છે તેને 'યુવરાજ' મળતો આવે છે. ભાવપ્રકાશન'કારે તેનો અર્થસચિવમાં સમાવેશ કર્યો છે. ધનંજયે, રાજાને દણ્ડકાર્યમાં સહાયક પાત્રોમાં તેની ગણના કરી છે. વિશ્વનાથે તેનો, દુષ્ટોના દમન અર્થે રાજાને મદદ કરનાર સહાયકોમાં સમાવેશ કર્યો છે. નાટ્યદર્પણ'કારે યુવરાજને 'આયત્તસિધ્ધ ધીરલલિત' નાયકનો સહાયક માન્યો છે. આયત્તસિધ્ધ એટલે જે સ્વયં કાર્ય કરતો નથી પણ સહાયકો દ્વારા સર્વ કાર્યો સંપાદિત કરે છે. ધીરલલિત આવા પ્રકારના હોય છે જેઓ રાજ્યનો ભાર સહાયકોને સોંપી કળા, ભોગ, વિલાસમાં ડૂબેલા રહે છે.

## સેનાપતિ

ભરતમુનિના કથન અનુસાર સેનાપતિ શીલવાન્, સત્યસંપન્ન, આલસ્યત્યકતા, પ્રિયંવદ, પરરન્ધ્રવિધિજ્ઞ - દુશ્મનની નબળાઇ જાણવાની વિધિનો જ્ઞાતા, દુશ્મન પર ચઢાઇ કયારે કરવી તેનો જાણકાર, અર્થશાસ્ત્ર તેમજ અર્થ સંબંધી તત્વનો જ્ઞાતા,

અનુરક્ત, પોતાના કુળમાં માન ધરાવનારો, દેશ તેમજ કાળનો જાણકાર હોવો જોઇએ.
(અધ્યાય ૩૪ / શ્લોક ૮૯-૯૦)

'દશરુપક' કારે રાજાના દણ્ડકાર્યોમાં સહાયક પાત્રોમાં સેનાપતિ (સૈનિક)નો ઉલ્લેખ કર્યો છે. (૨/૪૪)

'સાહિત્યદર્પણ'કારે પણ રાજાના 'દણ્ડસહાયકો'માં સૈનિક અર્થાત્ સેનાપતિનો ઉલ્લેખ કર્યો છે. (૩/૪૫)

'નાટ્યદર્પણ' કારે સેનાપતિનો ઉલ્લેખ આયત્તસિધ્ધ ધીરલલિત' નાયકના સહાયક તરીકે કર્યો છે. (સુત્ર ૨૫૩)

'ભાવપ્રકાશન'કારે સેનાપતિને રાજાનો 'અર્થ-સચિવ' કહયો છે. (૪/૧૨૪)

'અભિજ્ઞાન શાકુંતલ'માં સેનાપતિ પાત્રરુપે આવે છે. બીજા અંકમાં તે રાજાને મૃગયામાં સાથ આપે છે. સેનાપતિ રાજા તરફ જોઇ કહે છે, મૃગયામાં દોષ જોવામાં આવે છે તો પણ સ્વામીમાં તે ગુણરુપજ નીવડી છે. (૨/૪)

પુરોધા (પુરોહિત)

ભરતમુનિએ પુરોધા અર્થાત પુરોહિતના લક્ષણો આ પ્રમાણે વર્ણવ્યા છે. તે કુલીન, બુધ્ધિસંપન્ન, શ્રુતિનીતિ વિશારદ, રાજાનો અનુરક્ત, પવિત્ર તથા ધાર્મિક હોય છે. અન્ય પાઠ અનુસાર પુરોધા કુલીન, બુધ્ધિસંપન્ન, વિવિધ શાસ્ત્રોનો વિધ્વાન, સ્નેહશીલ, અપ્રમત્ત, લોભરહિત, વિનીત, પવિત્ર અને ધાર્મિક હોય છે. (અધ્યાય ૩૪/શ્લોક ૯૧)

'દશરુપક'કારે પુરોહિતનો ઉલ્લેખ રાજાને ધાર્મિક કાર્યમાં સહાયકરુપે કર્યો છે. પુરોહિત ઉપરાંત ઋત્વિક્, તપસ્વી તથા બ્રહ્મજ્ઞાનીનો ઉલ્લેખ પણ ધર્મના કાર્યમાં સહાયકરુપે થયો છે. (૨/૪૩)

'સાહિત્ય દર્પણ'કારે પણ રાજાને ધર્મ કાર્યમાં સહાયક પાત્રોમાં ઋત્વિગ્, બ્રહ્મજ્ઞાની, વેદવેત્તાની સાથે પુરોહિતનો ઉલ્લેખ કર્યો છે. ૩/૪૫)

'નાટ્યદર્પણ'કારે પુરોધા'નો તથા તાપસનો ઉલ્લેખ 'આયત્તસિધ્ધ ધીરલલિત' નાયકના સહાયકરુપે કર્યો છે. (સુત્ર ૨૫૩)

'ભાવપ્રકાશન'કારે રાજાના ધર્મ સચિવોમાં ઋત્વિગ, તપસ્વી, વેદવેત્તા, બ્રાહ્મણ તથા વ્રતી તેમજ તમામ આશ્રમવાસીઓની સાથે પુરોહિતનો ઉલ્લેખ કર્યો છે. (૪/૪૨૩)

'સાહિત્યદર્પણ'કારે પુરોહિતને ઉત્તમ કોટિનો સહાયક માન્યો છે.

'અભિજ્ઞાન શાકુંતલ'માં પુરોહિત પાત્રરૂપે આવે છે. સોમરાત રાજાનો પુરોહિત છે. પંચમાં અંકમાં પુરોહિત રાજાને 'શકુંતલા પ્રસુતિ સુધી અમારે ઘરે રહે' એમ સલાહ આપી વચલો માર્ગ કાઢે છે. સાધુઓએ રાજાને જણાવ્યું છે કે તમારો પહેલોજ ચક્રવર્તી પુત્ર જન્મશે. જો મુનિનો દૌહિત્ર (શકુંતલાનો પુત્ર) એવા લક્ષણો ધરાવે તો આદરસત્કાર સાથે શકુંતલાને અંત:પુરમાં લાવવી નહીં તો એના પિતા પાસે પહોંચાડવી એવો તર્ક રજુ કરી તે આવી સલાહ આપે છે.

મન્ત્રી (પ્રધાન)

ભરતમુનિએ પુરોધા તથા મન્ત્રીનો સાથે ઉલ્લેખ કર્યો છે. પુરોધા અને મન્ત્રીનાં એકજ લક્ષણો નિરુપ્યાં છે. મન્ત્રી પુરોધાની જેમજ કુલીન, બુધ્ધિસંપન્ન, શ્રુતિનીતિ વિશારદ, રાજાનો અનુરક્ત, પવિત્ર તથા ધાર્મિક હોય છે. પાઠભેદ પ્રમાણે તે કુલીન, બુધ્ધિસંપન્ન, વિવિધ શાસ્ત્રોનો વિધ્વાન, સ્નેહશીલ, અપ્રમત્ત, લોભરહિત, વિનીત, પવિત્ર તથા ધાર્મિક હોય છે. (અધ્યાય ૩૪ / શ્લોક ૯૧)

શ્રી ભરતમુનિએ પુરોધા તથા મન્ત્રીનો સાથે સાથે ઉલ્લેખ કર્યો છે તેથી શ્રી મનમોહન ઘોષ એકજ વ્યક્તિ પુરોધા અને મન્ત્રીની ફરજો નિભાવતો એવો સંભવ રજુ કરે છે. (અંગ્રેજી અનુવાદ)

'દશરુપક'કારે પોતાના રાષ્ટ્ર તથા અન્ય રાષ્ટ્રની સંભાળ વિગેરે બાબતોમાં મંત્રી રાજાનો સહાયક બને છે એવું જણાવી ક્યાંક રાજા સ્વયં એકલો કાર્યભાર વહન

કરે છે તેવું વિધાન કર્યું છે. ધીરલલિત નાયક અર્થસિધ્ધિ માટે મન્ત્રીઓ પર અવલંબિત રહે છે જ્યારે અન્ય નાયકોમાં ક્યાંક રાજા, ક્યાંક મંત્રી, ક્યાંક બંને, કાર્યભાર વહન કરે છે. (૪/૪૨)

ધનિકની ટીકા અનુસાર ધીરોદાત્ત, ધીરપ્રશાન્ત તથા ધીરોધ્ધત્ નાયકો માટે કોઇ ખાસ નિયમ નથી કે અમુક નાયકનો સહાયક મંત્રી હોય, અથવા સ્વયં રાજા હોય અથવા સ્વયં રાજા અને મંત્રી બંને હોય.

'સાહિત્યદર્પણ' અનુસાર પોતાના રાજ્યની ચિન્તા અને આવાપ અર્થાત્ શત્રુ વિગેરે સંબંધી રાજ્યની ચિંતામાં મંત્રી સહાયક બને છે. ધીરલલિત નાયકના અર્થની ચિન્તા મંત્રી કરે છે. તેના રાજ્યનો ભાર મંત્રીમાંજ આયત્ત રહે છે. (૩/૪૩) 'સાહિત્યદર્પણકારે મન્ત્રીને ઉત્તમ કોટિનો સહાયક માન્યો છે.

'ભાવપ્રકાશન' અનુસાર મન્ત્રી રાજાનો અર્થસચિવ છે. (૪/૧૨૪)

યૌગન્ધરાયણમાં મંત્રી તરીકેના તમામ ગુણો ઉપલબ્ધ છે. 'સ્વપ્નવાસવદત્ત'માં યૌગન્ધરાયણ કેન્દ્રવર્તી પાત્ર છે. પહેલા અંકમાં દેખાય છે તેમ તેણે દોરેલી યોજના પ્રમાણેજ નાટકનું બાકીનું વસ્તુ ચાલે છે. આ પાત્રને ભાસે માનવતાયુકત તથા માનવગુણોથી સંપૂર્ણ બનાવ્યું છે.

## અમાત્ય / સચિવ

ભરતમુનિના કથન અનુસાર અમાત્ય ( Secretary ) અથવા સચિવ બુધ્ધિમાન, નીતીસંપન્ન, વિદ્વાન્, પ્રિયંવદ, અર્થશાસ્ત્રમાં કુશળ, અનુરકત, પ્રજાનો સેવક, તથા ધાર્મિક હોવો જોઇએ. (અધ્યાય ૩૪ / શ્લોક ૯૨-૯૩)

'દશરુપક'માં રાજાના દણ્ડસહાયકોમાં સામન્તોનો ઉલ્લેખ થયો છે. (૨/૪૪)

'સાહિત્યદર્પણ'માં પણ રાજાના દણ્ડસહાયક તરીકે સામન્તનો ઉલ્લેખ છે. (૩/૪૫)

'નાટ્યદર્પણ'માં 'આયત્તસિધ્ધ ધીરલલિત' નાયકના સહાયકરુપે સચિવનો ઉલ્લેખ છે. (સુત્ર ૨૫૩)

Smt. HANSA MEHTA LIBRARY BARODA
PJTH 145
S4647
પ્રાડ્‌વિવાડ

પ્રાડ્‌વિવાક એટલે ન્યાયાધીશ (Judge ) એવો અર્થ શ્રી મનમોહન ઘોષે આપ્યો છે.

ભરતમુનિના કથન અનુસાર ધર્માસને બિરાજનાર પ્રાડ્‌વિવાક વ્યવહાર અને અર્થતત્વનો જ્ઞાતા, બુધ્ધિમાન, બહુશ્રુત, મધ્યસ્થ, ધાર્મિક, ધીર, કાર્ય-અકાર્ય વિચક્ષણ, ક્ષાન્ત, સંયમી, જિતક્રોધ, અનુઉધ્ધત્ત સમદર્શી હોય છે. (શ્લોક ૯૩-૯૪)

શારદાતનય સિવાયના પછીના આચાર્યોએ પ્રાડ્‌વિવાકનો ઉલ્લેખ કર્યો નથી. શારદાતનયે ભાવપ્રકાશનમાં પ્રાડ્‌વિવાકનો ઉલ્લેખ સભાસદ તરીકે કર્યો છે. (૧૦/૫૫)

શુદ્રક કૃત 'મૃચ્છકટિક'માં પ્રાડ્‌વિવાકનો ઉલ્લેખ છે. ૯ માં વ્યવહાર અંકમાં ન્યાયાધીશનું પાત્ર કેન્દ્રસ્થાને છે. ન્યાયાધીશના મુખે શુદ્રકે કહેવડાવ્યું છે કે ન્યાયાધીશને કાયદાનું બરાબર જ્ઞાન હોવું જોઇએ. તે છળકપટ મકડી પાડવામાં હોશિયાર તથા કુશળ વકતા હોવો જોઇએ. ધાર્મિક, લોભ વિનાનો, સત્યપારખુ, નિર્બળનો રક્ષક હોવો જોઇએ.

### કુમારાધિકૃત

ભરતમુનિએ કુમારાધિકૃતના લક્ષણો આ પ્રમાણે નિરુપ્યા છે. ઉત્થિત, અપ્રમત્ત, આલસ્ય ત્યાગનાર, જિતશ્રમ સ્નિગ્ધ, ક્ષાન્ત, વિનીત, મધ્યસ્થ, નિપુણ, નયજ્ઞ અર્થાત રાજનીતિના જ્ઞાતા, વિનયજ્ઞ, ઉહાપોહ-વિચક્ષણ, સર્વશાસ્ત્ર અર્થસંપન્ન, કામ આદિથી અવિકૃત, વંશપરંપરાગતથી રાજા સાથે સંકળાયેલા અને તેમના સેવક એવા પુરુષોને 'કુમારાધિકૃત' અર્થાત રાજકુમારોના અધિપતિ તરીકે નિમવા જોઇએ. (શ્લોક ૯૫-૯૬)

પછીના આચાર્યોએ કુમારાધિકૃતનો ઉલ્લેખ કર્યો નથી.

### સભાસ્તાર

સભાસ્તાર અર્થાત્ રાજદરબારીઓ, ભરતમુનિએ સભાસ્તારોનો નિમણુંક બૃહસ્પતિના મતાનુસાર વિવિધ ગુણો ચકાસી કરવાનું વિધાન કર્યુ છે. (શ્લોક ૯૮)

'ભાવપ્રકાશન'કારે સભાસ્તાર'ની જગ્યાએ 'સદસ્ય' શબ્દનો પ્રયોગ કર્યો છે. રાજા, સેનાપતિ, યુવરાજ, પુરોહિત, પ્રાશ્નિક, પ્રાડવિવાક્, આયુક્ત, સચિવ, વિગેરેનો ઉલ્લેખ 'સભાસદ' તરીકે કર્યા પછી ભાવપ્રકાશનકારે 'સદસ્ય'ના લક્ષણો આ પ્રમાણે નિરુપ્યા છે. વિભિન્ન ભાવોના વિષયમાં જ્ઞાન રાખનારો, વિભિન્ન શિલ્પોમાં કુશળ, શય્યા, આસન, લેખ, અલંકાર યોજના, પરિહાસ, ઈંગિતજ્ઞાન, ચાર પ્રકારની આતોદ્યવિદ્યા, નૃત્ય તથા ગીતમાં કુશળ, વિવિધ ભાવોમાં કુશળ, મનસ્વી, માની, વિચાર-વિમર્શમાં પ્રવીણ, ધન તેમજ સ્ત્રીના વિષયમાં શુધ્ધ (સદ્ચરિત્ર) વ્યક્તિઓને વિદ્વાનો દ્વારા સભાના સદ્સ્ય કહેવામાં આવે છે. તેમાં વૈતાલિક, બન્દીજન, નાન્દી-મંગલપાઠક, સૂત, માગધનો સમાવેશ થાય છે.

(અધિકાર ૧૦ / શ્લોક ૫૬-૫૭)

વિક્રમોવર્શીય, રત્નાવલી, માલવિકાગ્નિમિત્ર વિગેરે નાટકોમાં વૈતાલિક બન્દીજન પાત્રરુપે આવે છે.

દશરુપકકારે રાજાના દણ્ડસહાયકોમાં 'આટવિક'નો ઉલ્લેખ પણ કર્યો છે. આટવિકનો અર્થ 'સીમારક્ષક' કરવામાં આવ્યો છે. સાહિત્યદર્પણમાં પણ આટવિકોનો ઉલ્લેખ દણ્ડસહાયક તરીકે થયો છે. નાટ્યદર્પણકારે આટવિક-વનાધ્યક્ષનો ઉલ્લેખ નાયકના સહાયક તરીકે કર્યો છે.

ભરતમુનિએ બાહ્યપુરુષો સંબંધી જે વિવરણ આપ્યું છે તેના આધારે ભોજ વિગેરે પછીના આચાર્યોએ નાયક, ઉપનાયક, અનુનાયક, અને પ્રતિનાયક વિગેરે ભેદોની પરિકલ્પના કરી છે.

ભોજના મતે નાયક તો કથા શરીરમાં સર્વત્ર વ્યાપ્ત હોય છે.

## ઉપનાયક

ભોજના કથન અનુસાર નાયકની જેમ ઉપનાયક પણ પુજ્ય અને ઉત્કૃષ્ટ હોય છે પણ તેને નૃપ વિગેરે પદ મળતું નથી.

ભરતમુનિ કથિત યુવરાજ ઉપનાયક જેવો છે.

## અનુનાયક

ભોજના કથન અનુસાર અનુનાયક નાયકથી કિંચિત ન્યુન હોય છે અને કથાશરીરમાં વિશેષ ઉપયોગી હોય છે.

ભોજે જેને અનુનાયક કહયો છે તે ધનંજય અને વિશ્વનાથ કથિત પીઠમર્દ અથવા પતાકાનાયક અને નાટ્યદર્પણકાર કથિત ગૌણ અથવા અમુખ્ય નાયક તુલ્ય છે.

દશરુપક અનુસાર પ્રધાન નાયકની અપેક્ષા પતાકાનો નાયક અન્ય વ્યકિત હોય છે જેને પીઠમર્દ કહે છે. તે વિચક્ષણ હોય છે અને પ્રધાન નાયકનો અનુચર, ભકત તથા તેનાથી ઉતરતા ગુણવાળો હોય છે. (૨/૮)

ધનિકની ટીકા અનુસાર પતાકાના નાયકને પીઠમર્દ સંજ્ઞા આપવામાં આવી છે. પીઠમર્દ, પ્રધાન કથાનાયકનો સહાયક હોય છે.

સાહિત્યદર્પણ અનુસાર નાયકના બહુદુરવ્યાપી પ્રસંગ પ્રાપ્ત ચરિતમાં નાયકના સામાન્ય ગુણોથી ઉતરતા ગુણવાળો, નાયકનો સહાયક પીઠમર્દ કહેવાય છે. (૩/૩૯) ભાવપ્રકાશન અનુસાર પીઠમર્દ વિશ્વાસ યોગ્ય પાત્ર હોય છે તથા કુપિત સ્ત્રીને પ્રસન્ન કરનારો હોય છે. (૪/૧૨૯)

નાટ્યદર્પણ અનુસાર મુખ્ય નાયકની અપેક્ષા ઓછા વૃત્ત (ઓછા કથા ભાગ)વાળો અમુખ્ય અથવા ગૌણ નાયક કહેવાય છે. તે પ્રધાન કહેવામાં આવ્યો છે. ખુબ મોટા કથાભાગમાં વ્યાપક હોવાથી તથા નાયકનો સહાયરુપ હોવાથી તેનુ 'નાયકત્વ' હોય છે. તે શૌર્ય, ત્યાગ અને બુધ્ધિ વિગેરેની બાબતમાં મુખ્ય નાયકની અપેક્ષા ઉણો ઉતરે છે. તેને પતાકા તથા પ્રકરી નાયક સમજવો જોઇએ. (સુત્ર ૨૪૯)

'માલતીમાધવ' પ્રકરણમાં મકરંદ પીઠમર્દ અથવા પતાકાનાયક છે.

અનુનાયકની સંખ્યા મર્યાદિત નથી. રામકથામાં સુગ્રીવ તથા વિભીષણ આ બે અનુનાયકો છે.

## પ્રતિનાયક

ભોજના મતે પ્રતિનાયક મુખ્ય નાયકની યોજનાઓનો પ્રતિરોધી હોય છે. તેમાં

પણ નાયક તુલ્ય, ઉત્સાહ, પ્રતાપ અને અભિમાનનો ભાવ હોય છે જેમ રામકથાનો રાવણ.

દશરુપક અનુસાર પ્રતિનાયક લુબ્ધ, ધીરોદ્ધત્, સ્તબ્ધ, પાપકૃત તથા વ્યસની અને નાયકનો શત્રુ હોય છે. (૨/૯)

નાટ્યદર્પણ અનુસાર પ્રતિનાયક લોભી, ધીરોદ્ધત, પાપી અને વ્યસની તથા મુખ્ય નાયકનો વિરોધી નાયક હોય છે. (સુત્ર ૨૫૦)

'મહાવીરચરિત'માં બે પ્રતિનાયકો છે પરશુરામ અને રાવણ.

## ( શૃંગારી ) નાયકના સહાયક પાત્રો

યુવરાજ, સેનાપતિય પુરોહિત, મન્ત્રી, સચિવ, પ્રાડ્વિવાક વિગેરે પાત્રો પોતાના સંસ્કારને કારણે પ્રધાન પાત્રોની શ્રેણીમાં આવે છે તથા પુરુષાર્થ સાધનમાં પ્રવૃત્ત નાયકને વિભિન્ન રુપમાં સહયોગ આપે છે. પણ રાજા અથવા નાયકના સહાયક અન્ય પુરુષ પણ હોય છે. તેમાં વિદૂષક, વિટ, શકાર, ચેટ વિગેરે અન્ય પુરુષ પાત્રોનો સમાવેશ થાય છે. આ બધા પાત્રોની પ્રકૃતિ પ્રાય: અધમ હોય છે પણ સૌભાગ્ય અને સંસ્કારવશ કયારેક કયારેક તેમનામાં પણ ઉત્તમ-મધ્યમ ભાવોનો પ્રસાર થાય છે.

ભરતમુનિએ 'ભૂમિકાવિકલ્પ' નામના ૩૫ માં અધ્યાયમાં વિદૂષક, વિટ, ચેટ, શકાર વિગેરે પાત્રોનાં લક્ષણો નિરુપ્યાં છે.

### વિટ

વિટનું લક્ષણ ભરતમુનિએ આ પ્રમાણે નિરુપ્યું છે.

વેશ્યોપચારકુશલો મધુરો દક્ષિણ: કવિ: ।
શાસ્ત્રાર્થતત્વવેદી ચ નિપુણો વૈશિકેષુ ચ ।
ઉહાપોહક્ષમો વાગ્મી ચતુરશ્ચ વિટો ભવેત્ ॥
(અધ્યાય ૩૫ / શ્લોક ૭૭)

વિટ વેશ્યોપચારમાં કુશળ, બોલવામાં મધુર, દક્ષિણ, કવિ, શાસ્ત્રના અર્થનો તત્ત્વવેદી, વૈશિકાચારમાં નિપુણ, ઉહાપોહક્ષમ, વાક્પટુ તથા ચતુર હોય છે. પાઠભેદ પ્રમાણે વિટ રુપવાન, ઉજ્જવલવેશ, મેધાવી હોય છે.

દશરુપક અનુસાર એક-વિદ્ અર્થાત્ નાયકના ઉપયોગમાં આવનારી ગીત વિગેરે વિદ્યાઓમાંથી જે કોઇ એક વિદ્યાનો જ્ઞાતા હોય તેને વિટ કહે છે. (૨/૯)

સાહિત્યદર્પણ અનુસાર ભોગ વિલાસમાં પોતાની સંપત્તિ ગુમાવી ચૂકેલો, ધૂર્ત, નૃત્ય ગીત વિગેરે કળાઓના એક અંશનો જાણકાર, વેશ્યાઓની સરભરા કરવામાં હોશિયાર, વાતચીત કરવામાં ચતુર, મધુરભાષી અને ગોષ્ઠીમાં સમાદૃત પુરુષ વિટ કહેવાય છે. (૩/૪૧)

નાટ્યદર્પણ અનુસાર વિટ 'એકવિદ્' અર્થાત્ રાજાને ઉપયોગી ગીત વિગેરે કળાઓમાંથી કોઇ એક કળાનો જાણકાર હોય છે.

રસાર્ણવસુધાકર અનુસાર 'વિટ' 'કામતન્ત્રકલાવેદી' હોય છે. (૧/૯૧)

ભાવપ્રકાશનકારના મતે નૃત્ય-ગીત વિગેરે કળાઓના એક અંશને જાણનારો વિટ કહેવાય છે. તે કામતન્ત્રોમાં કુશળ હોય છે. (૪/૧૨૭) વેશ્યાઓની સેવા-શુશ્રુષા કરવામાં કુશળ, મધુર, દક્ષિણ, કવિ, સમાદૃત, વાક્પટુ તથા ચતુર વિટ કહેવાય છે. માળા તથા આભૂષણો વડે સુશોભિત, અકારણ ક્રોધ કરનારો, હસનારો, પ્રાકૃત ભાષા બોલનારો તથા મોટે ભાગે ઘણાં વિકારોથી યુક્ત વિટ હોય છે. (૧૦/૨૩) ભાવપ્રકાશનકારે વિટનો પ્રકરણના પાત્રરુપે ઉલ્લેખ કર્યો છે અને ત્યાં તેને વેશ્યાઓની સેવા કરવામાં કુશળ, મધુરભાષી, ચતુર, કવિ, વાદ-વિવાદસમર્થ, વાતચીત કરવામાં ચતુર તથા ચારે બાજુથી સન્માનિત કહ્યો છે. (૮/૧૪૮)

'ભાણ' પ્રકારનું રુપક કે જેમાં માત્ર એકજ પાત્ર હોય છે તેમાં વિટ પાત્ર તરીકે હોય છે અને અનેક પ્રકારની અવસ્થાઓનો ખ્યાલ આપે છે. વરરુચિ કૃત 'ઉભયાભિસારિકા' ભાણમાં ચપલ નામનો વિટ મુખ્ય પાત્ર છે. કવિ શુદ્રકના નામે ચઢેલા 'પદ્મપ્રાભૃતક'

ભાણમાં શશ નામનો વિટ મુખ્ય પાત્ર છે. 'વત્સરાજ'ના 'કર્પૂરચરિત' ભાણમાં કર્પૂર નામના વિટનું આત્મચરિત રજુ થયું છે. 'શૃંગારભૂષણ'- કવિ વામન ભટ્ટનો આ ભાણ રચનામાં વિટ વિલાસશેખર મુખ્ય પાત્ર છે. આમ વિટ ભાણના નાયક રુપે આવે છે. વિટ રુપમાં રહેલું મુખ્ય પાત્ર બીજ-રુપે કોઇ એક વિશિષ્ટ કાર્ય ઉપાડે છે અને એની સિધ્ધિ માટે એ પોતાના અસલ સ્વરુપે અથવા ગુપ્ત વેશે એટલે કે ધૂર્ત-વેશે નીકળી પડે છે. પોતાના નગરના રસ્તાઓ ઉપરથી પસાર થતાં એ અનેક સાગાનરસાં જનોના સંપર્કમાં આવે છે. સામે મળનારાં કોઇને કોઇ મુંઝવણ લઇને નીકળેલાં હોય એવાંની મુંઝવણ જાણી લેવાનો એ પ્રયત્ન કરે. વારાંગનાવાસની ખટપટો અને હીન દશાનો, કૂટ્ટણીઓનાં અમંગળ કાર્યોનો, જુવાન ગણિકાઓની માતાઓના કુડ, એવી માતાઓએ કે લુચ્ચી ગણિકાઓએ રખડાવી, રઝડાવી મુકેલા પુરુષોની અવદશાનો ચિતાર આ વિટ રજુ કરે છે.

## શકાર

ભરતમુનિએ શકારનું લક્ષણ આ પ્રમાણે નિરુપ્યું છે.

ઉજ્જ્વલવસ્ત્રાભરણ: કુધ્યત્યનિમિત્તત: પ્રસીદતિ ચ ।
અધમો માગધીભાષી ભવતિ શકારો બહુવિકારશ્ચ ॥
(અધ્યાય ૩૫ / શ્લોક ૭૮)

ઉજ્જ્વલ વસ્ત્ર આભરણ સંપન્ન, અકારણ ક્રુધ્ધ, અને પ્રસન્ન થનારો, મગધ ભાષા-ભાષી, અનેક વિકારોથી યુકત અને અધમ પ્રકૃતિનો હોય છે.

દશરુપક અનુસાર શકાર અંત:પુર સમાશ્રિત પાત્ર છે. (૨/૪૪) ધનિકની ટીકા અનુસાર શકાર રાજાનો સાળો હોય છે અને તે નિમ્ન જાતિનો હોય છે.

સાહિત્યદર્પણ અનુસાર શકાર મદાન્ધ, મૂર્ખ, અભિમાની, નીચકુલોત્પન્ન, સંપત્તિશાળી, રાજાની અવિવાહિતા સ્ત્રીનો ભાઇ હોય છે. (૩/૪૪)

નાટ્યદર્પણ અનુસાર રાજાના બધા સાળા શકાર હોતા નથી, જે વિકૃતહાસ્યનો કારણભુત પરિચારકરુપ સાળો હોય છે તેજ શકાર કહેવાય છે.

ભાવપ્રકાશનકારે શકારનો ઉલ્લેખ એક જાતિ તરીકે કર્યો છે. તેમજ પ્રકરણના એક પાત્રરૂપે પણ કર્યો છે. ઉજ્જ્વળ વેશભૂષા તથા આભુષણ ધારણ કરનારો, અકારણ ક્રોધ કરનારો તથા પ્રસન્ન થનારો, પ્રાકૃત ભાષા બોલનારો, બહુગુણવાન શકાર કહેવાય છે. શકારના વચન વેદપુરાણથી અસંમત, દેશ, કુળ, ન્યાય તથા લોકથી વિપરીત અને પ્રયોજન રહિત હોય છે. ( ૮ /૧૪૯-૧૫૦ ) ભાવપ્રકાશનકારે 'પ્રકરણ'ના સંદર્ભમાં શકારને ધર્મશાસ્ત્ર બહિષ્કૃત અને બાહ્ય પાત્ર ગણ્યું છે.

શુદ્રક કૃત 'મૃચ્છકટિક' માં શકારનું પાત્ર આલેખાયેલું છે. 'મૃચ્છકટિક'માં તે 'ખલપાત્ર' રુપે રજુ થયો છે. તે ઉજ્જયિનીના રાજા પાલકનો સાળો છે. કાણેલી નામની કાંઇ હલકી સ્ત્રીનો પુત્ર હોવાથી એના સંસ્કારો પણ અત્યંત હલકા છે. તેનું નામ સંસ્થાનક છે. પણ દંત્ય 'સ' નો ઉચ્ચાર હંમેશા તાલવ્ય 'શ' તરીકે કરતો હોવાથી તેને શકારનું ઉપનામ પ્રાપ્ત થયું છે તે ખલપાત્ર છે તો સાથે સાથે હાસ્ય નિષ્પન્ન કરવાનું સાધન પણ છે. રાજાનો સાળો હોવાને નાતે પ્રાપ્ત થયેલા શ્રી અને સત્તા, જન્મજાત હલકટ સંસ્કારો અને કામુક લંપટતાને ત્રિભેટે રહેલો આ દુષ્ટ વ્યક્તિ ભારે ઉથલપાથલ અને સંઘર્ષ જન્માવે છે. ખલ સ્વભાવ અને વ્યવહાર દુષ્ટતાની પરાકાષ્ઠા બતાવવા માટે શુદ્રકે તેનો ખુબજ ઉપયોગ કર્યો છે. જગત સાહિત્યના ઉત્તમ ખલપાત્રોમાં તેની ગણના કરી શકાય.

## ' ચેટ '

ભરતમુનિએ ચેટનું લક્ષણ આ પ્રમાણે નિરુપ્યું છે.

> કલહપ્રિયો બહુકથો વિરુપો બન્ધ સેવક : ।
> માન્યામાન્ય વિશેષજ્ઞશ્ચેટો હ્યેવંવિધિ: સ્મૃત: ॥

(અધ્યાય ૩૫/શ્લોક ૮૦)

ચેટ કલહપ્રિય, વાચાળ, વિરુપ, બન્ધસેવક અર્થાત્ ગુલામ, કોને માન આપવું, અને કોને ન આપવું તેનો વિશેષજ્ઞ હોય છે.

સાહિત્યદર્પણકારે ચેટને દાસ કહયો છે.

ભાવપ્રકાશનમાં ચેટ, ચેટીનો ઉલ્લેખ પ્રકરણના પાત્રરૂપે થયો છે. ભાવપ્રકાશનકારે પ્રકરણના સંદર્ભમાં તેમને ધર્મબહિકૃત અને બાહય પાત્ર ગણાવ્યા છે.

ચેટ આમ તો અધમ કોટિનું પાત્ર છે. પણ 'રસાર્ણવસુધાકર' માં જણાવાયું છે તેમ 'માલતીમાધવ' માં કલહંસ નામનો ચેટ માલતી માધવ વચ્ચે પ્રણય સંબંધ બાંધી આપવામાં અગત્યની ભૂમિકા ભજવે છે. તો 'મૃચ્છકટિક'માં ચારુદત્તનો જાન બચાવવા માટે શકારનો ચેટ અગાશી ઉપરથી પડતુ મેલી પ્રમાણિકતા અને નિ:સ્વાર્થપણાના ઉત્તમ ગુણો પણ દાખવે છે.

શૃંગારી નાયકના વિવિધ સહાયકોમાં પીઠમર્દ એ ઉત્તમ અને શકાર અને ચેટ અધમ પ્રકૃતિના પુરુષો છે. સાહિત્યદર્પણ અનુસાર વિદૂષક અને વિટ મધ્યમ પ્રકારના પાત્રો છે. પણ નાટકના સંદર્ભમાં વિદૂષક તથા ભાણના સંદર્ભમાં વિટ અધમ પાત્રો છે.

શૃંગારી નાયકના સહાયક પાત્રોમાં વિદૂષક ખૂબ મહત્વનું સ્થાન ધરાવતો હોવાથી તેની ચર્ચા વિસ્તૃતપણે કરવી અસ્થાને નહી લેખાય.

## વિદૂષક

### 'વિદૂષક' શબ્દની વ્યુત્પત્તિ

'વિશેષેણ દૂષયતિ ઇતિ વિદૂષકા: ।''

'વિદૂષક' શબ્દમાં 'વિ' ઉપસર્ગ છે અને દૂષ ધાતુ છે. દૂષ ધાતુનો અર્થ શ્રી કોથ 'ગાળો આપવી' એવો કરે છે. પણ શ્રી ગોવિંદ કેશવ ભટ્ટની દૃષ્ટિએ તેનો અર્થ 'ગાળો આપવી' એવો નહીં પણ 'દોષ દેવો, ઠપકો આપવો, બગાડી નાંખવું, એવો થાય છે. તેની સાથે 'વિ' ઉપસર્ગથી દોષ આપવાની અથવા બગાડી નાંખવાની વિશિષ્ટ પધ્ધતિનો બોધ થાય છે. આમ વિદૂષક શબ્દનો વ્યુત્પત્તિજન્ય અર્થ થાય છે - પોતાની વિશિષ્ટ પધ્ધતિથી 'દોષ બતાવનાર' અથવા જે છે તે બગાડી નાંખનાર'. એટલે વિદૂષક શબ્દ ધ્વારા દોષદર્શન અથવા ગંભીર ઘટનાઓને પરિહાસમાં બદલી નાંખવાની વિદૂષકની સ્વભાવગત વિશેષતા છતી થાય છે.

પૂર્વરંગના ત્રિગત' નામના અંગમાં સૂત્રધાર, પારિપાર્શ્વિક અને વિદૂષક એ ત્રણેનો વિશિષ્ટ સંવાદ હોય છે. તેનું વર્ણન ભરતમુનિએ વિદૂષક વિદૂષિત:' એમ કર્યું છે. ત્રિગતમાં પારિપાર્શ્વિક નવા નાટ્યપ્રયોગ વિશે કંઇક કહેતો હોય છે ત્યારે વિદૂષક નટ વચમાં કૂદી પડે છે અને નાટક તેમજ લેખક અંગે કંઇક ઉપહાસકારક બોલી તેમના દોષ કાઢે છે જે સાંભળી સૂત્રધારને હસવું આવે છે. આમ પ્રયોગ ચાલતો હોય ત્યારે તેમાં દોષ કાઢી (દૂષયતિ) પોતાની વિશિષ્ટ હાસ્યયુકત પધ્ધતિથી જરા ગમ્મત કરવાનું કાર્ય વિદૂષક પૂર્વરંગમાં કરે છે. પ્રત્યક્ષ નાટકમાં પણ વિદૂષકનું કાર્ય બીજાનો દોષ કાઢવો, ટીકા કરવી, જે ચાલતું હોય તેને વિનોદમાં ફેરવી પરિસ્થિતિ બગાડી મુકવી વિગેરે હોય છે અને આ તમામ કાર્યો પોતાની વિશિષ્ટ પધ્ધતિથી કરતો હોય છે. ટૂંકમાં વિદૂષક કેવળ દૂષક નથી, તેની બોલવા-ચાલવાની સમગ્ર પધ્ધતિ વૈશિષ્ટ્યપૂર્ણ છે, હાસ્ય નિર્માણ કરનારો છે. દૂષ ધાતુ પરથી વિદૂષકની ટીકાકાર તરીકેની ભુમિકા સ્પષ્ટ થાય છે તો વિ ઉપસર્ગથી તેની વિનોદી વૃત્તિ જણાઇ આવે છે. આમ 'વિશેષેણ દૂષયતિ

ઇતિ વિદૂષકા:' એવી વ્યુત્પત્તિ સાર્થક છે. 'નાટ્યદર્પણ'માં પણ વિદૂષકની આવી કામગીરી ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો છે. નાટ્યદર્પણ અનુસાર 'નાયક જ્યારે વિરહમાં હોય અથવા તો તે એકલો હોય, ત્યારે તેને અનુરુપ એવો તેનો સહચર-વિદૂષક-પોતાની વિશિષ્ટ પધ્ધતિથી શાંતિમાં ઝગડો અને ઝગડામાં શાંતિ નિર્માણ કરે છે. એટલે કે તે શાંતિ અથવા ઝગડાનો નાશ કરે છે. (વિનાશયન્તિ) '' નાટ્યદર્પણકારે 'દૂષયન્તિ' પદનો અર્થ વિનાશયન્તિ' એવો કર્યો છે. તેથી ન હોય ત્યાં ઝગડો નિર્માણ કરવો અને ઝગડો હોય ત્યાં તેનો અંત લાવવો અને તે પણ પોતાની હાસ્યપ્રેરક વિશિષ્ટ પધ્ધતિથી એવો અર્થ નાટ્યદર્પણકાર કરે છે જે ભરતાનુસારી છે.

## વિદૂષકના વિવિધ નામ

ભરતમુનિએ 'નાટ્યશાસ્ત્ર'માં વિદૂષકનો એક સામાન્ય સંજ્ઞા common name તરીકે ઉલ્લેખ કર્યો છે પરંતુ કેટલાક અન્ય શાસ્ત્રકારોએ વિદૂષકના કેટલાંક વિશિષ્ટ નામો પણ આપ્યાં છે.

શારદાતનય, ભાવપ્રકાશનમાં વિદૂષકના વિશિષ્ટ નામો આ પ્રમાણે વર્ણવે છે. વાત્સ્યાયન, શાકલ્ય, મૌદ્ગલ્ય, વસન્તક અને ગાલવ. (ભાવપ્રકાશન પ્ર/૯)

વિશ્વનાથ, સાહિત્યદર્પણમાં વિદૂષકનાં વસન્ત, કુસુમ, વિગેરે નામો હોવાનું જણાવે છે. (સા.દ.૩/૪૨)

શિક.ગભૂપાલ, રસાર્ણવ સુધાકરમાં વિદૂષકને 'વસંતક' કાપિલેય વિગેરે નામો વડે સંબોધવો એમ કહે છે. (ર.સુ.૩/૩૨૯)

શ્રી ગોવિંદ કેશવ ભટ્ટ, શાસ્ત્રકારોએ સુચવેલા વિદૂષકના વિવિધ નામો ત્રણ વસ્તુઓ સાથે સંબંધિત હોવાનું જણાવે છે. (વિદૂષક પૃ.૮૨)

(૧) વસંતઋતુ અથવા ફુલ સાથે :

વિદૂષકના વસન્તક જેવા નામો જેનો સંબંધ ઉત્સવ સાથે હોય છે તેનો આ વર્ગમાં સમાવેશ થાય છે. સંસ્કૃત નાટકો વાસંતિક અથવા શારદીય ઉત્સવોમાં,

રજુ કરવામાં આવતાં. શ્રીહર્ષે 'રત્નાવલી' નાટિકાના પ્રથમ અંકમાં આવાજ ઉત્સવનું વર્ણન કર્યું છે. જેમાં ચાલતા નાચગાનમાં વિદૂષક પણ ભાગ લે છે અને મનોરંજન કરે છે.

(૨) બ્રાહ્મણ જાતિ સાથે :

વિદૂષકનાં નામો બ્રાહ્મણ જાતિ સાથે સંકળાયેલાં જણાય છે. ગૌતમ (માલવિકાગ્નિમિત્ર), મૈત્રેય (મૃચ્છકટિક) આત્રેય (નાગાનન્દ) વિગેરે નામો બ્રાહ્મણ જાતિ સુચક નામો છે.

(૩) શારીરિક ખોડ સાથે :

વિદૂષકનાં નામો ઘણીવાર તેની શારીરિક ખોડને સુચિત કરનારાં હોય છે. 'કપુરમંજરી'માંના કપિંજલ ધ્વારા 'કપિલ વર્ણનો મર્કટ' એ અર્થ વ્યક્ત થાય છે તેજ પ્રમાણે કાલિદાસકૃત 'વિક્રમોર્વશીય'ના વિદૂષકનું નામ માણવક છે. 'અભિજ્ઞાન શાકુંતલ'માં વિદૂષક માઢવ્ય માટે દુષ્યન્ત માણવક સંબોધન પ્રયોજે છે. માણવક એટલે ઠીંગણો માણસ. આમ 'માણવક' નામ શારીરિક વ્યંગનું સુચન કરે છે.

વિદૂષકના કેટલાંક અન્ય નામો વિદૂષકની શારીરિક વિકૃતિની સાથે સાથે તેની માનસિક વિકૃતિ તેમજ માનસિક ગુણો પણ સુચવે છે. 'અભિજ્ઞાન શાકુંતલ'માં માઢવ્ય નામ વિદૂષકનું બુડથલપણું સુચવે છે તો 'અવિમારક'માં 'સંતુષ્ટ' અને 'મૃચ્છકટિક'માં મૈત્રેય' નામો વિદૂષકની સમાધાન વૃત્તિ અને જિગરજાન દોસ્તીનાં ધોતક છે.

વિદૂષકનું બાહ્ય રુપ

વિદૂષકનું બાહ્ય રુપ અથવા દેખાવ સંબંધી ચર્ચા કરતાં ભરતમુનિ જણાવે છે કે-

વામનો દન્તુરઃ કુબ્જો ધ્વિજન્મા વિકૃતાનનઃ ।
ખલતિઃ પિંગલાક્ષશ્ચ સ વિધેયો વિદૂષકઃ ॥
(અધ્યાય ૨૪/શ્લોક ૧૦૬ (કાશી) )

વિદૂષક ઠીંગણો હોય છે. તેના દાંત આગળ પડતાં હોય છે. તેની પીઠમાં ખૂંધ હોય છે અને માથે ટાલ હોય છે. તેની આંખો લીલાશ પડતી હોય છે. વિદૂષક દેખાવમાં વિકૃત અને કદરુપો હોય છે.

ઉપરોક્ત શ્લોકમાં ભરતમુનિએ વિદૂષક ટાલવાળો હોવાનું જણાવ્યું છે પણ અન્યત્ર વિદૂષક કાકપદ વાળવાળો હોવાનું પણ નોંધ્યું છે.

વિદૂષકસ્ય કર્તવ્યં ખલિકાકપદં તથા ॥

(અધ્યાય ૨૧ શ્લોક ૧૨૭ (કાશી))

'કાકપદ' શબ્દની સમજુતિ આપતાં અભિનવગુપ્ત જણાવે છે કે માથા ઉપરના વાળ સાફ કરી બંને બાજુએ કાન ઉપર જુલફાં છોડી કાગડાના પદચિહ્ન( ∧ ) જેવાં રાખવામાં આવે છે.

કાકપક્ષવદ્ યત્ર કેશવિચ્છેદ: ॥

(અધ્યાય ૨૧ ૧૨૬ પરની ટીકા(ગાયકવાડ))

પાઠાન્તર ઉપરથી એમ કહી શકાય કે વિદૂષકની 'ટાલવાળી' અથવા તો 'કાકપદવાળવાળી' કેશરચના કરવામાં આવતી.

વિદૂષકસ્ય ખલિત: સ્યાત્ કાકપદમેવ વા ॥

(ના.શા.ગાયકવાડ ૨૧.૧૫૫)

વિવિધ પ્રકારના પાત્રોએ કયા પ્રકારે શિરોવેષ્ટન વાપરવું જોઇએ તત્સંબંધી ચર્ચા કરતી વેળા ભરતમુનિએ ચેટ, વિદૂષક જેવા અધમ વર્ગનાં પાત્રો માટે કોઇ પણ પ્રકારના શિરોવેષ્ટનનો ઉલ્લેખ કર્યો નથી. વિદૂષક, ટાલવાળો અથવા તો કાકપદ જેવા વાળવાળો જોઇએ, એમ જણાવી તેની વિશિષ્ટ કેશરચનાનો ઉલ્લેખ કર્યો છે. આમ ભરતમુનિએ વર્ણવેલ વિદૂષક ટાલવાળો અથવા માથે કાકપદ-વાળવાળો છે. અધમ વર્ગનાં પાત્રોમાં વિદૂષકની ગણના થતી હોવાને લીધે તે 'ખુલ્લા માથે' ફરતો હોવો જોઇએ. અત્રે એ નોંધવું ઘટે કે ગુપ્તકાળમાં વિદૂષક માથે ત્રણ અણીવાળી પાઘડી પહેરતો હોવાનું

અનુમાન ગુપ્તકાલીન ચિત્રાવલીમાં ઠીકરા ઉપર દોરેલા એક ચિત્રના આધારે કરી શકાય.

સંસ્કૃત નાટ્યસાહિત્યમાં પણ વિદૂષકની કેશરચના સંબંધી વિવિધ ઉલ્લેખો મળે છે. કાલિદાસે 'અભિજ્ઞાન શાકુંતલ'ના પાંચમાં અંકમાં વિદૂષક માઢવ્યની ચોટલીનો ઉલ્લેખ કર્યો છે. રાજશેખરે 'કર્પૂરમંજરી'માં વિદૂષક કપિંજલની લાલાશ પડતી દાઢી ઉલ્લેખી છે તથા 'વિદ્ધશાલભંજિકા'માં ચારાયણને ટાલવાળો બનાવ્યો છે.

ભરતમુનિએ વિદૂષકના બાહ્ય રૂપ વિશે 'ચ્છેદવિભૂષિતવદન' એવું વિશેષણ પ્રયોજ્યું છે. (અધ્યાય ૩૫/૨૫ કાશી આવૃત્તિ) 'વિભૂષિતવચનો' એવો પાઠ પણ ઉપલબ્ધ છે.

છેદ શબ્દનો અર્થ રંગલેખાઓ થાય છે. કાલિદાસે મેઘદૂતમાં છેદ શબ્દ 'રંગલેખાઓ'ના અર્થમાં પ્રયોજ્યો છે. (મેઘદૂત, પૂર્વમેઘ શ્લોક ૧૯). વિદૂષકની રંગભૂષામાં રંગ ચોપડતી વેળા તેના મુખ ઉપર વિવિધ રંગની રેખાઓ દોરવામાં આવતી હોવાનું અનુમાન થઇ શકે. અન્યત્ર, નેપથ્યજ હાસ્યનું વર્ણન કરતી વેળા ભરતમુનિ જણાવે છે કે વિદૂષકનું મુખ કાજળ, શાહી, રાખોડો તથા ગેરુ દ્વારા રંગવું જોઇએ.

(ચારચર્મ) મષભસ્મગૈરિકાદ્યૈસ્તુ મણ્ડનઃ ।

(અધ્યાય ૧૨ / ૧૪૦ (કાશી))

આ ઉપરથી પણ વિદૂષકની રંગભૂષામાં તેના મુખ ઉપર રંગો દ્વારા રેખાઓ દોરવામાં આવતી એમ કહી શકાય.

કેરળ રંગભૂમિ ઉપર વિદૂષકની રંગભૂષા પણ આ પ્રમાણે કરવામાં આવે છે. તે 'કુડિયાટ્ટમ' નાટ્યપ્રયોગના આધારે કહી શકાય.

વિવિધ પાત્રોની રંગભૂષા વર્ણવતી વેળા ભરતમુનિ 'પ્રતિશિર્ષ' અર્થાત બનાવટી મોઢું - મહોરું - Mask નો ઉલ્લેખ કરે છે. જો કે તેમણે વિદૂષકના મહોરા અંગે કશું જણાવ્યું નથી પરંતુ વિમલસુરિના (ઇ.સ.૪ થી સદી) 'પઉમચરિય' નામના પ્રાકૃત ગ્રંથમાં (૧.૧૯) એક ઉપમા દ્વારા વિદૂષકના કાન લાકડાના હોવાનો ઉલ્લેખ છે.

' તે નામ હોંતિ કસ્સા જે જિણવરસાસણમ્મિ સુઇપુસ્સા ।
અન્ને વિદૂસગસ્સ વ દારુ મયા ચેવ નિમ્મવિયા ॥ ''

'દારુમય' શબ્દ ઉપરથી જેને લાકડાના કાન હોય એવું બનાવટું મોઢું વિદૂષક વાપરતો હોવો જોઇએ અને પાછળથી એ પ્રથા બંધ પડી હોવી જોઇએ એવો ડો. ઉપાધ્યેનો તર્ક છે. જો કે લાકડાના કાન બનાવવા માટે બનાવટી મોઢાંનો ઉપયોગ કરવો અનિવાર્ય નથી. આવશ્યક રંગો સાથે બનાવટી કાન ચોંટાડી શકાય.

રાજશેખરના 'કર્પૂરમંજરી' નામના પ્રાકૃત સટ્ટકમાં વિદૂષકના બનાવટી મોઢાનો ઉલ્લેખ છે. પહેલા અંકમાં જ્યારે વિદૂષક પત્ને ખિજાય છે ત્યારે દાસીનેજ લાંબી દાઢીવાળું અને ટોપલા જેવા કાનવાળું મોઢું 'પડિસીસઅ' ચઢાવી પોતાની જગ્યાએ ઉભા થવાનું તે ક્રોધાવેશમાં કહે છે. અહીં 'પડિસીસઅ (પ્રતિશીર્ષક)' શબ્દ મહોરું mask ના અર્થમાં પ્રયોજાયો છે.

ઉપરોક્ત વિવરણના આધારે એમ કહી શકાય કે વિદૂષકની રંગભૂષામાં સમયાનુસાર ફેરફાર થયા હોવા જોઇએ. ભરતમુનિના સમયમાં વિદૂષકના માથે ટાલ અથવા કાકપદવાળવાળી કેશરચના રહેતી અને મુખ ઉપર વિવિધ રંગલેખાઓ ચિતરવામાં આવતી. ગુપ્તકાળમાં વિદૂષકને માથે ત્રણ અણીવાળી પાઘડી રાખવામાં આવતી. રાજશેખરના જમાનામાં વિદૂષક બનાવટી મોઢું-મહોરું પહેરી રંગમંચ ઉપર આવતો.

વિદૂષકની વેશભુષા સંબંધી ચર્ચા કરતા ભરતમુનિ જણાવે છે કે ચીર (વલ્કલ), ચર્મ (ચામડું) અને ચીવર (ભિક્ષુઓનું વસ્ત્ર) દ્વારા વિદૂષક મંડિત થાય છે.

(ચીર ચર્મ) મષીભસ્મગૈરિકાદ્યૈસ્તુ મંડિતઃ ।
(અધ્યાય ૧૨ / ૧૪૧-)

અહીં મુળ શબ્દોનો અર્થ 'સામાન્ય કપડું' અથવા 'ચિથરાં' પણ કરવામાં આવે છે. વિદૂષક અંતઃપુરમાં છુટથી ફરી શકે છે. અંતઃપુરમાં ફરનાર વ્યક્તિના વેશ વિશે ચર્ચા કરતાં ભરતમુનિ ભગવાં કપડાં કે પટ્ટનો ઉલ્લેખ કરે છે.

ઉપરોક્ત વિવરણના આધારે એમ કહી શકાય કે ભરતમુનિએ વર્ણવેલા ચાર

પ્રકારના વિદૂષકો પૈકી તાપસ અને દ્વિજ પ્રકારના વિદૂષકો ભગવાં કપડાં કે પટ્ટ અંગીકાર કરતાં પણ અન્ય વિદૂષકો બાઘા જેવા કપડાં પહેરતાં.

નેપથ્યહાસ્યના સંદર્ભમાં નાટ્યદર્પણકારે ઢીલાં કપડાંનો ઉલ્લેખ કર્યો છે. કદાચ વિદૂષક તદ્દન ઢીલું ધોતિયું પહેરી હાસ્યનિષ્પન્ન કરતો હોવાનું અનુમાન થઇ શકે.

સામાન્ય રીતે વિદૂષક બાઘા જેવાં કપડાં પહેરતો હોવો જોઇએ અને તેનાથી હાસ્ય નિર્માણ થતું હોવું જોઇએ. ભાવપ્રકાશનકાર શારદાતનય તેમજ 'રસાર્ણવ સુધાકર' ના કર્તા શિંગભૂપાલ વિદૂષકની વિકૃત વાણી તથા વેશભુષા ધ્વારા હાસ્યનું નિર્માણ થતું હોવાનું સ્પષ્ટપણે જણાવે છે.

ભરતમુનિએ વિદૂષક દ્વિજ અર્થાત્ બ્રાહ્મણ હોવાનું જણાવ્યું છે. સંસ્કૃત નાટ્યકારોએ પણ વિદૂષકને બ્રાહ્મણ બતાવ્યો છે એટલે તેની વેષભુષામાં યજ્ઞોપવીતનો સમાવેશ અવશ્ય થતો હશે. 'મૃચ્છકટિક'માં નાયક ચારુદત્ત વિદૂષક મૈત્રેયને પોતાની પાસે બેસાડી રાખવા તેનું યજ્ઞોપવીત ખેંચે છે. 'માલવિકાગ્નિમિત્ર'માં વિદૂષક ગૌતમ બનાવટી સર્પદંશની વેદના સમાવવા જનોઇનો ઉપયોગ દોરીની જેમ બાંધવા માટે કરે છે. 'રત્નાવલી'માંનો વિદૂષક વસંતક જનોઇના સોગંદ લે છે.

વિવિધ પાત્રોના વસ્ત્રાલંકારોનો ઉલ્લેખ કરતી વેળા ભરતમુનિએ વિદૂષકના વસ્ત્રાલંકારો વર્ણવ્યા નથી પરંતું સંસ્કૃત નાટ્યસાહિત્યમાં તેનો ઉલ્લેખ જોવા મળે છે. હર્ષે પોતાના નાટકમાં વિદૂષકના વિવિધ અલંકારોનો - કર્ણ ભુષણો, હાર તથા સોનાનાં કડાંનો - ઉલ્લેખ કર્યો છે તે આ સંદર્ભમાં નોંધી શકાય.

સંસ્કૃત નાટ્યસાહિત્યમાં વિદૂષકના હાથમાં વાંકોચુકો લાકડી રહેતી હોવાનો ઉલ્લેખ મળે છે. આ 'દંડકાષ્ઠ' અથવા 'કુટિલક'નો ઉલ્લેખ ભરતમુનિએ પણ કર્યો છે. આ લાકડી ત્રણ ઠેકાણે વળેલી, જોવાતે ડોરી નહીં બાંધેલી અને ગાંઠોવાળી અથવા વચ્ચે કોઇ ડાળી હોય એવી હોય છે. આ 'દંડકાષ્ઠ' અથવા 'જર્જર'ની નિર્માણવિધિ પણ ભરતમુનિએ વર્ણવી છે. સંસ્કૃત નાટ્યકારોએ વિદૂષકને આ વાંકોચુકો લાકડી લઇ કુલ

ઉપરના ભમરા અથવા તો કબુતર જેવા પક્ષીઓ ઉડાડતો તેમજ આંબા પરના મોર ઉતારતો ચિતર્યા છે.

વિદૂષકના વિનોદનો મુખ્ય સ્ત્રોત તેની શારીરિક વિરુપતા, વિકૃત વાણી તથા વિસંગત વેષરચના છે. ભરતમુનિએ વામન, દન્તુર, કુબ્જ, વિકૃત આનન, પિંગ અક્ષ વિગેરે વિશેષણો ધ્વારા વિદૂષકની શારિરીક કુરુપતા વર્ણવી છે. તેને અનુસરી શારદાતનય ભાવપ્રકાશનમાં વિદૂષકની શારીરિક કુરુપતા વર્ણવતા જણાવે છે કે વિદૂષક ટાલવાળો અને લાલ આંખવાળો હોય છે. 'હાસ્યાનુક' અર્થાત્ બરડા ઉપર હાસ્યકારક હાડકું, ખૂંધ હોય છે. વાળ લાલાશ પડતાં પીળા અને દાઢી લીલાશ પડતા પીળા રંગની હોય છે.

આમ, હાસ્યાસ્પદ કુરુપતા વિદૂષકના સ્વરુપમાં મહત્વનો ભાગ ભજવે છે. વિદૂષકના રુપમાં કોઈ શારીરિક વિકૃતિ હોવી જોઈએ એ ભરતકથિત નિયમનું સંસ્કૃત નાટ્યકારોએ પાલન કર્યું છે અને વિવિધ રુપે શારીરિક વિકૃતિઓ ઉપસાવી છે.

કાલિદાસે 'માલવિકાગ્નિમિત્ર' અને 'વિક્રમોર્વશીય'માં વિદૂષકનું વાંદરા સાથેનું સામ્ય સુચિત કર્યું છે. હર્ષની 'રત્નાવલિ'નાટિકામાં કશાકનો અવાજ સાંભળવાને લીધે વાંદરો આવ્યો હોય એવું સાગરિકાને લાગે છે. તે સમયે તેની સખી સુસંગતા ' એ અવાજ વાંદરાનો નહીં પણ વિદૂષકનો છે' એવી સ્પષ્ટતા કરે છે. ત્યારબાદ વિદૂષકને પ્રત્યક્ષ જોઈને 'અહો ! કેવો સુંદર પુરુષ' એમ કહી તેનો ઉપહાસ કરે છે. અહીં વિદૂષકનું વાનર સાથેનું સામ્ય, સુચવવામાં આવ્યું છે. 'નાગાનન્દ'માં વિટ વિદૂષકને 'કપિલમર્કટ' તરીકે સંબોધે છે. રાજશેખર કૃત 'કર્પૂરમંજરી' પ્રાકૃત સટ્ટકમાં કપિંજલની તેના નામાનુસાર લાલાશ પડતા વાળ અને દાઢી ધરાવે છે. ઉપરાંત તેના કાન ટોપલા જેવા હોય એમ 'ટપ્પરકણ્ણ' શબ્દ ઉપરથી જણાય છે.

કાલિદાસના 'અભિજ્ઞાન શાકુંતલ'ના વિદૂષક માઢવ્ય માટે 'માણવક' શબ્દ પ્રયોજવામાં આવ્યો છે જેનો અર્થ 'ઠીંગણો માણસ' એવો કરવામાં આવે છે. શિકારની ધાંધલ ધમાલમાં વિદૂષકનાં હાડકાં કથળી જાય છે અને તે ટટ્ટાર ઉભો રહી શકતો પણ નથી. પોતાની આવી દયનીય સ્થિતિ દુષ્યન્ત સમક્ષ પ્રગટ કરે છે ત્યારે નદીવેગના લીધે

વળી ગયેલ વાંસ સાથે પોતાની જાતને સરખાવે છે અને 'કુબ્જલીલા' શબ્દનો પ્રયોગ કરે છે. આ ઉપરથી વિદૂષકની પીઠે ખૂંધ હોવાને લીધે તેની નીચે વળેલી આકૃતિની કલ્પના કરી શકાય છે.

વિદૂષકની જાત અને ભાષા

વિદૂષકની જાત વિશે જણાવતાં ભરતમુનિએ 'દ્વિજન્મા' શબ્દનો પ્રયોગ કર્યો છે. દ્વિજન્મા અથવા દ્વિજમાં ત્રૈવર્ણિકોનો સમાવેશ થાય છે. તેથી એ શબ્દનો વિદૂષકની જાતિ અંગે કશી સ્પષ્ટતા કરતો નથી પરંતુ નેપથ્યજ હાસ્ય વિષે ચર્ચા કરતી વેળા ભરતમુનિએ વિપ્ર શબ્દનો પ્રયોગ કર્યો છે.

'' યસ્તાદૃશો ભવેદ્ વિપ્રા (વિપ્રો) હસ્યો નેપથ્યજસ્તુ સઃ ।''

(અધ્યાય ૧૨ / શ્લોક ૧૪૨)
(ગાયકવાડ)

શ્રી ગોવિંદ કેશવ ભટ્ટની દૃષ્ટિએ પ્રસ્તુત વિધાન દેવ નાયકનો વિદૂષક તાપસ અગર તો બ્રાહ્મણ હોવો જોઇએ, એવું કહે છે એટલે કે વિદૂષક બ્રાહ્મણ જાતનોજ હોવો જોઇએ એમ નિશ્ચિતપણે કહી શકાય નહીં પરંતુ ઉપલબ્ધ સંસ્કૃત નાટ્યસાહિત્યમાં વિદૂષક 'બ્રાહ્મણ' જ જોવા મળે છે. વિદૂષક બ્રાહ્મણ હોવો જોઇએ એવી નાટ્યરુઢિ સંસ્કૃત રંગમંચ ઉપર નિર્માણ પામેલી છે. આ રુઢિની મીમાંસા કરતાં શ્રી ગોવિંદ કેશવ ભટ્ટ જણાવે છે કે '' નાટ્યપ્રયોગમાનું સામુહિક અથવા સામાજિક સ્વરુપ, તત્કાલીન સામાજિક જીવનની રુઢિઓ, લોકમાનસની અપેક્ષાઓ- આ બધાં પરિબળોને લઇને બ્રાહ્મણ વિદૂષકની નાટ્યરુઢિ નિર્માણ પામી હોવી જોઇએ. બધાજ વિદૂષકો બ્રાહ્મણ હોવા જોઇએ એવું નથી. નહીં તો નાયકને અનુરુપ વિદૂષક હોવા વિશેનું, અથવા તો તેના વિવિધ પ્રકારો બતાવતું વિધાન કરવાની ભરતમુનિએ કોઇ આવશ્યકતા ન હોત. પરંતુ નાટકનો નાયક જ્યારે રાજા અથવા અન્ય ઉચ્ચવર્ણીય હોય ત્યારે તેના મોભાને શોભે એવો મિત્ર બનાવવો નાટ્યકારને આવશ્યક લાગ્યો હોય અને તેથી વિદૂષક બ્રાહ્મણ હોવા વિશેની નાટ્યરુઢિ પ્રચલિત બની હોય.'' (વિદૂષક - પૃ. ૬૬-૬૭)

ભરતમુનિના વિધાન અનુસાર વિદૂષકની ભાષા પ્રાચ્યા એટલે કે પૂર્વદેશીય પ્રાકૃત હોવી જોઇએ.

'' પ્રાચ્યા વિદૂષકાદીનામ્ ''

(અધ્યાય ૧૭ શ્લોક ૫૨ (ગાયકવાડ))

સાગરનન્દી પણ વિદૂષકની ભાષા અંગે ચર્ચા કરતાં જણાવે છે કે -

શૌરસેનીમથ પ્રાચ્યાભવન્તી કર્હિચિત્ પઠેત ।
એતા એવ વણિક્શ્રેષ્ઠિબાલકાશ્ચ વિદૂષકાઃ ॥

- નાટકલક્ષણરત્નકોશ પૃ.૯૦

વણિક, શ્રેષ્ઠી, બાળક તથા વિદૂષકની ભાષા સૌરસેની, પ્રાચ્યા અથવા અવન્તી પ્રાકૃતમાં રાખવી જોઇએ.

'નાટ્યદર્પણકારે વિદૂષકને નીચ પાત્રમાં ગણ્યો છે તેથી તેમના મત પ્રમાણે વિદૂષકની ભાષા પ્રાકૃત હોવી જોઇએ એ સ્પષ્ટ છે.

વિદૂષકની ભાષા વિશેના નિયમોનું સંસ્કૃત નાટ્યકારોએ પૂર્ણપણે પાલન કર્યું છે. ઉપલબ્ધ સંસ્કૃત નાટ્ય સાહિત્યમાં વિદૂષક પ્રાકૃત ભાષાનો વિનિયોગ કરે છે.

બ્રાહ્મણ વિદૂષક પ્રાકૃત ભાષાનો પ્રયોગ કરે એ વિસંગતિની વિશદ સમીક્ષા કરતાં શ્રી ગોવિંદ કેશવ ભટ્ જણાવે છે કે 'નાટયવિકાસના પ્રથમ તબક્કામાં વિદૂષકની પ્રાકૃતભાષા વિશિષ્ટ નાટ્યસંકેતોને લીધે અસ્તિત્વમાં આવી, અર્થાત્ તેમાં વાસ્તવિકતાનો અંશ પણ મહત્વનો હતો. પછીના નાટ્યવિકાસમાં વિદૂષકને પ્રાયઃ અશિક્ષિત બ્રાહ્મણોનું પ્રતીક સમજવામાં આવ્યો અને તેથી પ્રાકૃત એ તેની સ્વાભાવિક ભાષા બની. વિનોદના મુખ્ય રુઢ માધ્યમ તરીકે બોલભાષાનો પ્રયોગ વધુ યોગ્ય લેખાય અને તેથી વિનોદી પાત્ર વિદૂષકના મુખે પ્રાકૃત ભાષાનો વિનિયોગ થયો.' (વિદૂષક પૃ.૮૦)

## વિદૂષકના વિવિધ ભેદ

ભરતમુનિએ ચાર પ્રકારના નાયકોને અનુરુપ ચાર પ્રકારના વિદૂષકો ગણાવ્યા છે. (૧) લિંગી અથવા તાપસ વિદૂષક એ દેવ નાયકનો વિદૂષક છે. (૨) દ્વિજ જે

રાજાનો વિદૂષક હોય છે. (૩) રાજજીવી વિદૂષક અમાત્યનો વિદૂષક છે અને (૪) શિષ્ય વિદૂષક કે જે બ્રાહ્મણ નાયકનો વિદૂષક હોય છે.

લિંગી દ્વિજો રાજજીવી શિષ્યશ્ચેતિ યથાક્રમમ્ ।
દેવક્ષિતિ ભૃતામાત્યબ્રાહ્મણાનાં પ્રયોજયેત ॥

(અધ્યાય ૩૫ / શ્લોક ૨૦)

'નાટ્યદર્પણ'માં વિદૂષકના વિવિધ ભેદ આ પ્રમાણે નિરુપવામાં આવ્યા છે.

સ્નિગ્ધા, ધીરોદ્ધતાદીનાં યથૌચિત્યં વિયોગિનામ્ ।
લિંગી દ્વિજો રાજજીવી શિષ્યાશ્ચૈતે વિદૂષકા ॥

(નાટ્યદર્પણ ૪.૧૬૮)

નાટ્યદર્પણ અનુસાર વિદૂષકના ચાર ભેદ છે (૧) લિંગી (૨) દ્વિજ (૩) રાજજીવી અને (૪) શિષ્ય. આમ નાટ્યદર્પણકારે ભરતમુનિના નિયમનુંજ અનુસરણ કર્યું છે પણ સમજુતી જુદી રીતે આપી છે, તદાનુસાર દેવ નાયકનો વિદૂષક તાપસ હોય અને બ્રાહ્મણ નાયકનો વિદૂષક શિષ્ય હોય તો તે યોગ્ય છે, પરંતુ રાજા નાયક માટે શિષ્ય સિવાયનો બીજો કોઇ પણ પ્રકારનો વિદૂષક હોવો જોઇએ. વણિક વિગેરે નાયકોની બાબતમાં પણ આજ નિયમ લાગુ પડે છે. નાટ્યદર્પણકારે આપેલી સમજુતી નાટ્યશાસ્ત્રથી વિરુધ્ધ છે કેમ કે ભરતમુનિના મત પ્રમાણે રાજાનો વિદૂષક દ્વિજ હોવો જોઇએ જ્યારે નાટ્યદર્પણકારે અનુસાર 'શિષ્ય' સિવાયનો બીજા કોઇ પણ પ્રકારનો વિદૂષક રાજા માટે ચાલી શકે.

શારદાતનયે ભાવપ્રકાશનમાં વિદૂષકના વિવિધ ભેદો આપ્યા છે, જે ભરતાનુસારી છે.

## (૧) દેવ નાયક અને તાપસ વિદૂષક

દેવ નાયક અને તાપસ વિદૂષકની જોડી ઉપલબ્ધ સંસ્કૃત નાટયસાહિત્યમાં જોવા મળતી નથી.

શારદાતનયે ભાવપ્રકાશનમાં દેવોના વિદૂષકના ગુણો આ પ્રમાણે વર્ણવ્યા છે.

દેવોનો વિદૂષક સત્યવક્તા, ત્રિકાળજ્ઞાની, કર્તવ્ય-અકર્તવ્યનો ભેદ જાણનાર, પ્રશ્નોની બંને બાજુઓ કુશળતાથી સમજાવી આપનાર તથા વસ્તુસ્થિતિને ધ્યાનમાં રાજાને વાત કરનાર હોય છે. તેની પાસે નાટ્યની સંપૂર્ણ માહિતી હોય છે અને પરિહાસ ધ્વારા હસાવવાની કલા પણ તેની પાસે હોય છે. (ભા.પ્ર.અધિકાર ૯ /૧૨૨)

શ્રી ગોવિંદ કેશવ ભટ્ટના મત પ્રમાણે નારદમુનિ દેવોના વિદૂષક છે અને તેમનામાં શારદાતનયે વર્ણવેલા તમામ ગુણો વિધમાન છે.

(૨) રાજા નાયક અને બ્રાહ્મણ વિદૂષક

સંસ્કૃત નાટ્યકારોએ રાજા નાયક અને બ્રાહ્મણ વિદૂષકની જોડી ખુબ વિકસાવી છે. રાજકીય પ્રભાવને લીધે દ્વિજ વિદૂષકજ સવિશેષ લોકપ્રિય બન્યો છે.

રાજાના વિદૂષકના વિવિધ ગુણો શારદાતનયે ભાવપ્રકાશનમાં નીચે પ્રમાણે વર્ણવ્યા છે.

'' રાજાના વિદૂષકમાં સુસંસ્કૃત લોકોને હસાવવાનું સામર્થ્ય હોય છે. દ્રવ્ય અને સ્ત્રીની બાબતમાં તેનું વર્તન શુધ્ધ હોય છે. હંમેશા અંત:પુરમાં રહેવાને લીધે તે બીજામાં ઈર્ષ્યા ઉત્પન્ન કરી ઝઘડો કરાવી આપે છે. તે માર્મિક બોલી શકે છે. રાજા અને તેની પ્રેયસીમાં તે પ્રેમ અને રતિ ઉત્પન્ન કરી શકે છે. ઘણી વખતે તે તેમનું મિલન કરાવી આપે છે અને ઘણી વખત તે તેમને વિખૂટાં પાડે છે.''

(ભાવપ્રકાશન-અધિકાર-૯ શ્લોક ૧૨૨)

ઉપલબ્ધ સંસ્કૃત નાટ્યસાહિત્યમાં રાજાના વિદૂષકમાં ઉપરોકત ગુણો પૂર્ણપણે જોવા મળે છે. રાજાનો વિદૂષક ઘણી વખત માર્મિક વેણ ઉચ્ચારી વિદ્વાન અને હોશિયાર વ્યકિતઓને પણ હસાવે છે.

'માલવિકાગ્નિમિત્ર'માં માલવિકાના નૃત્યપ્રસંગે વિદૂષક ગૌતમ પોતાના માર્મિક ઉદ્ગારો વડે વિદુષી કૌશિકાને હસાવે છે. તેના હાસ્યકારક વચનો વડે માલવિકા પણ સ્મિત કરે છે.

વિદૂષક રાજાનો જિગરી દોસ્ત હોવાથી અંત:પુરમાં છુટથી ફરી શકે છે. અંત:પુરમાં સ્પર્ધા અથવા ઝઘડાઓ ઉભા કરે છે.

'માલવિકાગ્નિમિત્ર'માં વિદૂષક ગૌતમ હરદત્ત અને ગણદાસ નામના બે નૃત્યાચાર્યો વચ્ચે ઝઘડો ઉભો કરે છે જેને કારણે મુખ્ય રાણી ધારિણી અને નાની રાણી ઇરાવતીને માલવિકા માટે ઇર્ષ્યા થાય છે.

'સ્વપ્નવાસવદત્તા'માં વિદૂષક વસંતક 'પ્રેમાને પ્રેમાળ સ્વભાવવાળી પદ્માવતી પ્રિય છે' એમ કહે છે જેને લીધે ત્યાં અજ્ઞાતવાસમાં ઉપસ્થિત વાસવદત્તા ગુસ્સે થાય છે.

રાજા અને તેની પ્રિયતમાનું મિલન ઘણીવાર વિદૂષક કરાવી આપે છે જેમ કે 'માલવિકાગ્નિમિત્ર' નાટકમાં રાજા અગ્નિમિત્રને માલવિકાની પ્રાપ્તિ થાય તે માટે વિદૂષક ગૌતમ બધું કરી છુટે છે.

ઘણીવાર વિદૂષક એવા ગોટાળા વાળે છે કે તેને લીધે નાયક અને નાયિકાને વિખૂટાં થવું પડે છે. વિદૂષકની મૂર્ખતાને લીધે નાયક અને નાયિકા વચ્ચે અંતરાય ઉભો થાય છે.

'અભિજ્ઞાન શકુંતલ' નાટકમાં રાજા દુષ્યન્ત જ્યારે તાપસકન્યા શકુંતલાના પ્રેમમાં પડે છે ત્યારે વિદૂષક માઢવ્ય તેની મશ્કરી કરે છે. 'મૃચ્છકટિક' પ્રકરણમાં વિદૂષક મૈત્રેય નાયક ચારુદત્તને ગણિકા વસન્તસેનાનો મોહ છોડી દેવાનો ઉપદેશ આપે છે. 'અવિમારક' નાટકમાં કુરંગી અને અવિમારક એકાંતમાં હોય ત્યારે વિદૂષક સંતુષ્ટ ત્યાંજ બાધા જેવો ઉભો રહીને તેમને વિચિત્ર દશામાં મુકી દે છે. 'સ્વપ્નવાસવદત્તા' માં વસંતક વિદૂષક, રાજા ઉદયનને 'કઇ રાણી વધુ પ્રિય છે' એવો પ્રશ્ન પુછી દ્વિધામાં મુકી દે છે કારણ કે ઉદયન કોઇ પણ ઉત્તર આપે તો પણ તેનાથી વાસવદત્તાનું કે પદ્માવતીનું દિલ દુભાવાનુંજ.

(૩) અમાત્યનાયક- રાજ્જોવી વિદૂષક

સંસ્કૃત નાટ્યસાહિત્યમાં અમાત્ય નાયક હોય તેવાં બે નાટકો ઉપલબ્ધ છે. (૧) વિશાખદત્ત રચિત 'મુદ્રારાક્ષસ' અને (૨) ભાસકૃત 'પ્રતિજ્ઞાયૌગંધરાયણ.'

મુદ્રારાક્ષસનો નાયક અમાત્ય ચાણક્ય છે. પરંતુ પ્રસ્તુત નાટકમાં કોઇ વિનોદી પાત્ર નથી.

પ્રતિજ્ઞાયૌગંધરાયણ'માં વિદૂષક વસંતકને અમાત્ય નાયક યૌગંધરાયણનો વિદૂષક માની શકાય. યૌગંધરાયણના રાજકીય કારસ્તાનોમાં તે શામેલ છે. વળી ઉદયન સાથે છૂપી રીતે સંપર્ક સાધવાનું મહત્વનું કાર્ય તેને સોંપવામાં આવ્યું છે. વિદૂષકની આવી રાજકીય સ્વરુપની કામગીરીને લીધે શ્રી ગોવિંદ કેશવ ભટ્ટ તેને રાજ્જીવી વિદૂષક માને છે. (વિદૂષક - પૃ. ૯૨ )

અમાત્ય નાયકના વિદૂષકના ગુણો નિરુપતાં શારદાતનય જણાવે છે કે તેનું બોલવું અશ્લીલ હોય છે. પતિ-પત્નિના ખાનગી ગુન્હાઓ પણ તે જાહેર રીતે બોલી બતાવે છે. ખાવા પીવાનો તેને વિધિનિષેધ નથી. કોઇના મર્મ ઉપર ઘા કરી તે હાસ્ય-વિનોદ જન્માવે છે. પોતાના ફાયદા માટે તે સ્નેહ વ્યકત કરે છે. તે સ્ત્રીઓને તેમની પ્રેમપુર્તિમાં મદદ કરે છે. તેનું ભાષણ ઘણુંખરું પરિહાસપૂર્ણ હોય છે, તેમજ પરિહાસપ્રચુર વાકયોમાં તેની રુચિ રહે છે.'' (ભાવપ્રકાશન -અધિકાર ૯)

ભાસકૃત 'પ્રતિજ્ઞાયૌગંધરાયણ'માં વિદૂષક વસંતક અમાત્ય નાયકના વિદૂષકના શારદાતનય કથિત ઘણાંખરા ગુણો ધરાવે છે. વિદૂષક વસંતક તેના ભાષણમાં એક જગ્યાએ ગ્રામ્ય ઉપમાનો વિનિયોગ કરે છે. ભક્ષ્યાભક્ષ્યનો તે વિવેક કરતો નથી. મઢીમાં તૈયાર કરેલા લાડવા ખાવા તે તૈયાર છે.'' કેદખાનામાં ગયા પછી ઉદયને બહાર આવવા પ્રયત્નો કરવાનું છોડી દીધું છે. તે વાસવદત્તાના પ્રેમમાં ફસાયો છે અને તેણે પ્રેમચાળા કરવાનું શરું કરી દીધું છે.'' એમ સ્પષ્ટપણે કહી ખાનગી વાત જાહેર રીતે જણાવે છે. ઉદયનનો સાથ છોડી દેવા તે યૌગંધરાયણને કહે છે.

### (૪) વણિક/બ્રાહ્મણ નાયક અને શિષ્ય વિદૂષક

વણિક અને બ્રાહ્મણ નાયક- આ બંનેનો સમાગમ શુદ્રક રચિત 'મૃચ્છકટિક' પ્રકરણના નાયક ચારુદત્તમાં જોવા મળે છે. જો કે તેમાં વિદૂષક 'શિષ્ય' નથી પરંતું દ્વિજ છે.

બોધાયન કૃત 'ભગવદ્ અજ્જુકીય' પ્રહસનમાં બ્રાહ્મણ નાયક અને શિષ્ય વિદૂષકનું ઉદાહરણ જોવા મળે છે. પ્રહસનનો નાયક પરિવ્રાજક છે જેનો શાંડિલ્ય નામનો શિષ્ય છે. શાંડિલ્યને કયાંય પણ વિદૂષક તરીકે સંબોધવામાં આવ્યો નથી, પરંતુ તેનું હાસ્ય, અધ્યયન સંબંધી કંટાળો, ખાઉધરાપણું, બીકણપણું વિગેરે ગુણો પૂર્ણપણે વિદૂષકના જણાય છે તેથી શ્રી ગોવિંદ કેશવ ભટ્ટ નોંધે છે તેમ 'શિષ્ય' વિદૂષકનું પ્રાચીન ઉદાહરણ શાંડિલ્યમાં જોવા મળે છે.

શારદાતનય વણિક નાયકના વિદૂષકના ગુણો આ પ્રમાણે નિરુપે છે - તે લુચ્ચો હોય છે. તેનો વેષ, શરીર, અથવા તો બોલવાની રીત - બધામાં તેનું કદરુપાપણું જણાઇ આવે છે. તેના વિનોદમાં અને તેના અભિનયમાં કુરુપતા અને અશ્લીલતા રહેલી હોય છે.'' (ભાવપ્રકાશન-અધિકાર ૯ / શ્લોક ૧૨૨)

સંસ્કૃત નાટ્યસાહિત્યમાં 'મૃચ્છકટિક' પ્રકરણનો નાયક ચારુદત્ત વણિક નાયક છે. તેના મિત્ર વિદૂષક મૈત્રેયમાં શારદાતનય કથિત ગુણો જોવા મળતાં નથી.

## વિદૂષકના ગુણ

શારદાતનયે ભાવપ્રકાશનમાં વિદૂષકના ગુણો પ્રકાર અનુસાર વર્ણવ્યા છે પરંતુ ભરતમુનિએ નાટ્યશાસ્ત્રમાં વિદૂષકના ગુણો પ્રકારાનુસાર ન વર્ણવતા માત્ર સામાન્ય ગુણજ દર્શાવ્યા છે.

ભરતમુનિના કથન અનુસાર -

> પ્રત્યુત્પન્નપ્રતિભો નર્મકૃતા નર્મગર્ભનિર્ભેદૈ: ।
> યસ્તુ વિભૂષિતવચનો વિદૂષકો નામ વિજ્ઞેય: ॥
>
> (અધ્યાય ૩૫ / શ્લોક ૨૫ (કાવ્યમાલા))

શારીરિક વિકૃતિની સાથે વિદૂષકમાં હાજરજવાબીપણું હોય છે. તેનો વ્યવહાર વિનોદી હોય છે. તેનું બોલવું માર્મિક હોઇ હાસ્યજનક હોય છે. એજ તેના ભાષણની વિશેષતા છે.

'દશરુપક'માં ધનંજય જણાવે છે કે -

'' હાસ્યકૃચ્ચ વિદૂષક: ।''

તેની સમજુતી આ પ્રમાણે આપવામાં આવી છે -

'હાસ્યકારો વિદૂષક: । અસ્ય વિકૃતાકારવેષાદિત્વં હાસ્યકારિત્વનેવ લભ્યતે ।''

(દશરુપક ૨.૯)

ધનંજયે વિદૂષકની ગણના નાયકના સાથીઓમાં કરી છે. તેનું મુખ્ય કાર્ય હાસ્ય નિર્માણ કરવાનું છે. તેનું બેડોળ શરીર, તેનાં કપડાં વિગેરે હાસ્યને પોષક હોય છે.

સાગરનન્દી 'નાટકલક્ષણરત્નકોશ'માં વિદૂષકના ગુણ વર્ણવતા જણાવે છે કે -

વયસ્યક: સહચર: સ એવ વિદૂષક:

અન્ત:પુરચરો રાજ્ઞાં નર્મામાત્ય: પ્રકીર્તિત: ॥ ૨૭૦ ॥

રાજાનો સહચર - મિત્ર તેજ વિદૂષક । તે રાજાના અંત:પુરમાં હરેફરે છે અને તેને વિનોદમંત્રી કહેવામાં આવે છે.

શારદાતનયે ભાવપ્રકાશનમાં વિદૂષકના પ્રકાર અનુસાર ગુણ વર્ણવ્યા ઉપરાંત કેટલાક સામાન્ય ગુણ પણ વર્ણવ્યા છે જેમ કે - ''વિદૂષક કદરુપો હોઇ, તે રાજાનો વિનોદ-મંત્રી હોય છે. સ્વભાવે તે અબરાક છે. નાયક-નાયિકામાં કલહ થાય તો તેને મઝા આવે છે. તેને ભોજન પ્રિય છે. તેનું વર્તન સભ્ય હોય છે. પોતાની કામગીરી તે બરાબર જાણે છે. બધી બોલીઓનો તેને પરિચય હોય છે. તે હંમેશા બધાને હસાવે છે. તે સહેલાઇથી ખરું અથવા ખોટું બોલી શકે છે. વેદોનું તેને જ્ઞાન છે, અને ચતુર્વિધ વિનોદ કેમ કરી શકાય તેની તેને જાણ હોય છે.'' -(ભાવપ્રકાશન ૯/૯૦)

સાહિત્યદર્પણકાર વિશ્વનાથે શૃંગારમાં નાયકને સહાય કરનાર તરીકે વિદૂષકનો ઉલ્લેખ કર્યો છે. તેમના મતે વિદૂષકનું નામ કુસુમ, વસન્ત, અથવા તત્સદૃશ હોય છે. પોતાની કૃતિ તેમજ શરીર, વેષ અને ભાષણ દ્વારા તે હાસ્ય નિર્માણ કરે છે. તે કલહપ્રિય છે અને પોતાની કામગીરીનો જાણકાર છે. (સાહિત્યદર્પણ ૩/૪૦-૪૨)

શિંગભૂપાલે પણ વિદૂષકને શૃંગારી નાયકનો મિત્ર કલ્પ્યો છે અને કેટલાક વધુ ગુણો આ પ્રમાણે આપ્યા છે. '' તેનામાં દેશ અને કાળનું જ્ઞાન, બોલવામાં માધુર્ય અને વિદગ્ધતા, નાયકને પ્રેમમાં પ્રોત્સાહન આપવાનો કુશળતા વિગેરે ગુણો જણાય છે. સત્ય વૃત્તાન્ત નિવેદન કરવાની અને મસલતો ગુપ્ત રાખવાની તેની વૃત્તિ હોય છે.''

(રસાર્ણવસુધાકર ૧/૮૯, ૯૨, ૯૩)

'નાટ્યદર્પણ'માં રામચંદ્ર-ગુણચંદ્રે'' શૃંગાર પ્રકરણમાં ચાલતો કલહ શાંત પાડવાના અથવા ન હોય તો કલહ ઉત્પન્ન કરવાના, તેમજ વિરહાવસ્થામાં નાયકને મનોવિનોદ ઉપલબ્ધ કરી આપવાના'' ગુણો વિદૂષકની બાબતમાં કહયા છે.-

(નાટ્યદર્પણ ૪.૧૬૮)

અન્ય ગ્રંથોમાં, રુદ્રભટે કાવ્યપ્રબંધના અનુષંગમાં વિદૂષકને વિનોદ અને ક્રીડામાં રાજાને સહાય કરનાર ત્રણ નર્મસચિવો પૈકી એક ગણી તેને સ્વભાવે મોજીલો કહયો છે. તે પોતાના શરીર, વેષ અને ભાષણ ધ્વારા હાસ્ય ઉપજાવે છે. હાસ્ય નિર્માણ કરવામાં તે હોશિયાર હોય છે. - (શૃંગારતિલક ૧.૨૯-૩૧)

'અગ્નિપુરાણ'માં પણ વિદૂષકને શૃંગાર પ્રકરણમાં નાયકનો નર્મસચિવ જણાવી તે નાયક-નાયિકાના ભેદાનુરુપ હાસ્ય નિર્માણ કરવામાં કુશલ રહયો છે.

(અગ્નિપુરાણ ૩૩૯ /૩૯-૪૦)

ભરતમુનિએ વિદૂષકના વિવિધ ગુણો વર્ણવવા ઉપરાંત નાયક અને વિદૂષક વચ્ચે પરસ્પર ગાઢ સ્નેહ હોવાનો સંકેત પણ કર્યો છે. જે રાજા અને વિદૂષકે એક બીજાને સંબોધવા વિશેના નિયમો ઉપરથી સ્પષ્ટ થાય છે. વિદૂષકે રાજાને વયસ્ય અથવા રાજન્ તરીકે સંબોધવો અને રાજાએ વિદૂષકને તેના નામથી અથવા વયસ્ય કહી બોલાવવો એવો ભરતમુનિનો નિયમ છે. (અધ્યાય ૧૯/શ્લોક ૧૭-૧૮)

સાગરનન્દીએ પણ અપ્રત્યક્ષ રીતે આ નિયમનો પુનરુચ્ચાર કર્યો છે.

'' વયસ્યક: સહચર: સ એવ વિદૂષક: । ''

(ના.લ.ર.કો. પૃ.૯૧)

નાટ્યદર્પણકારે પણ ભરતમુનિના આ નિયમનું અનુસરણ કર્યું છે -

''માન્યો નામાન્તરૈ રાજા લિંગિનાથ વિદૂષકૈ: ।
વયસ્યત્યપ્યધમૈર્ભટ્ટો લઙ્કેદેવેતિ ભુપતિ: ॥ ''

(નાટ્યદર્પણ ૪.૨૦૨)

[illegible] છે.

શિંગભુપાલે પણ ભરતમુનિનો નિયમજ પુન: કહયો છે.

'' વિદૂષકેણ તુ પ્રાય: સખે રાજન્ ઇતીચ્છયા । ''

(રસાર્ણવસુધાકર ૩.૩૧૨)

ભરતમુનિએ વૈશિક ઉપચાર અધ્યાય અંતર્ગત વૈશિકપુરુષના મિત્રના જે ગુણો કહયા છે તે વિદૂષકને લાગુ પાડી શકાય. તદાનુસાર તે અનુરક્ત, શુચિપસંદ, દક્ષિણ, દાન્ત (આત્મનિયંત્રિત) બુધ્ધિશાળી, અનેક વિષયો પર વાતચીત કરવા માટે શક્તિમાન તથા યૌવનશાળી હોય છે. (અધ્યાય ૨૫ / શ્લોક ૮ )

ભરતમુનિએ તેમજ અન્ય શાસ્ત્રકારોએ વર્ણવેલા વિદૂષકના વિવિધ ગુણો ઉપલબ્ધ સંસ્કૃત નાટ્યસાહિત્યમાં પ્રચુર માત્રામાં મળી આવે છે.

વિનોદી અને માર્મિક ભાષા એ વિદૂષકનો સૌથી મહત્વનો ગુણ છે. જેના માટે વિશિષ્ટ પ્રકારના ડહાપણની આવશ્યકતા રહે છે. 'માલવિકાગ્નિમિત્ર'ના વિદૂષક ગૌતમ અને 'મૃચ્છકટિક'ના વિદૂષક મૈત્રેય માર્મિક અને વિનોદી ભાષણના ગુણો ધરાવે છે.

વિદૂષકનું ચબરાકપણું વિનોદ અને હાસ્ય સર્જે છે. 'અભિજ્ઞાન શાકુંતલ'માં રાજા દુષ્યન્ત વિદૂષક માઢવ્યને 'ચપળ' કહે છે. 'ચપળતા' શારદાતનયે આપેલા વિદૂષકના ગુણોમાંનો એક છે.

વિદૂષકની કલહપ્રિયતા 'માલવિકાગ્નિમિત્ર'ના વિદૂષક ગૌતમમાં જોવા મળે છે. વિદૂષક અને દાસીનો પરસ્પર ઝગડો અશ્વઘોષના નાટકમાં મળી આવે છે. રાજશેખરે પોતાના નાટકોમાં આવા ઝગડા વિસ્તારપૂર્વક વર્ણવ્યા છે.

વિદૂષકની ભોજનપ્રિયતા 'પ્રતિજ્ઞાયૌગંધરાયણ'ના વિદૂષક વસંતકમાં 'મૃચ્છકટિક' ના વિદૂષક મૈત્રેયમાં 'માલવિકાગ્નિમિત્ર'ના વિદૂષક ગૌતમમાં 'નાગાનન્દ'ના વિદૂષક આત્રેયમાં 'રત્નાવલી'ના વિદૂષક વસન્તકમાં તથા 'વિક્રમોર્વશીય'ના વિદૂષક માણવકમાં જોવા મળે છે.

## વિદૂષકની ત્રિવિધ ભૂમિકા અને કાર્ય

ભરતમુનિએ 'વિદૂષકની કામગીરી સંબંધી જે ચર્ચા કરી છે તેનો કાળજીપૂર્વક અભ્યાસ કરતાં, ભરતમુનિએ વિદૂષકને ત્રણ પ્રકારની ભૂમિકા સોંપી હોવાનું જણાય છે. એવો શ્રી ગોવિંદ કેશવ ભટ્ટનો અભિપ્રાય છે, જે સ્વીકાર્ય છે. આ ત્રિવિધ ભૂમિકા તે (૧) પ્રાયોગિક ભૂમિકા - પૂર્વરંગમાંના નટ તરીકે (૨) નાયકના સહચર તરીકે નાટકમાંની ભૂમિકા અને (૩) વિનોદ દ્વારા હાસ્યનિર્મિતિની લોકપ્રિય ભૂમિકા.

### (૧) પૂર્વરંગમાંના નટ તરીકેની પ્રાયોગિક ભૂમિકા

ભરતમુનિના મતાનુસાર વિદૂષક પણ સુત્રધાર અને પારિપાર્શ્વિકની જેમ નટચમુમાં આવશ્યક અને મહત્વનું સ્થાન ધરાવે છે. નાટકની શરુઆતમાં રજુ કરવામાં આવતાં પૂર્વરંગમાંના ૧૮ માં અંગ 'ત્રિગત'માં, નટમંડળીના એક ઘટક તરીકે, એક નટ તરીકે તે સુત્રધાર અને પારિપાર્શ્વિક સાથે પ્રેક્ષકો સમક્ષ ઉપસ્થિત થાય છે.

ત્રિગતમાં, તેના નામાનુસાર, પારિપાર્શ્વિક સુત્રધાર અને વિદૂષક એ ત્રણેનો સંવાદ આવે છે. 'ત્રિગત' - પૂર્વરંગના આ ૧૮ માં અંગ વિશે ચર્ચા કરતાં ભરતમુનિ જણાવે છે કે -

> તથા ચ ભારતીભેદે ત્રિગતં સમ્પ્રયોજયેત્ ॥
> વિદૂષકસ્ત્વેકપદાં સુત્રધાર સ્મિતાવહામ્ ।
> અસમ્બદ્ધકથા પ્રાયાં કુર્યાત્ કથનિકાં તતઃ॥
> વિતણ્ડાં ગણ્ડસંયુક્તાં નાલીકં ચ પ્રયોજયેત ।
> કસ્તિષ્ઠતિ જિતં કેનેત્યાદિ કાવ્યપ્રરુપિણીમ ॥

પારિપાર્શ્વિક સજ્જલ્પો વિદૂષકવિદૂષિત: ।
સ્થાપિત: સુત્રધારેણ ત્રિગતં સમ્પ્રુજયતે ॥
(અધ્યાય ૫ / શ્લોક ૧૩૫ થી ૧૩૯)

ભારતીવૃત્તિમાં ત્રિગતની સંયોજના કરવી જોઇએ. આ ત્રિગતમાં અકસ્માતે આવી વિદૂષકે સુત્રધારને હસવું આવે તેવી અસંબધ્ધ વાતો કરવી જોઇએ. આ સંભાષણમાં વિતણ્ડા, ગણ્ડ, નાલિકા પ્રયોજી કથાવસ્તુને આગળ વધારવી જોઇએ. આ ત્રિગતમાં વિદૂષકને પારિપાર્શ્વિકની સાચી વાતમાં પણ દોષ જણાવા જોઇએ અને તેનું સુત્રધારે સમર્થન કરવું જોઇએ.

ત્રિગતમાં, પારિપાર્શ્વિક, સુત્રધાર અને વિદૂષક એ ત્રણનો અંશત: સુચક અને અંશત: વિનોદી એવો સંવાદ રજુ થાય છે. સર્વ પ્રથમ સુત્રધાર અને તેનો સહાયક એવો પારિપાર્શ્વિક મંચ ઉપર પ્રવેશે છે. ત્યારબાદ વિદૂષક આવે છે અને અસંબધ્ધ નિવેદનોયુક્ત લાંબુલચક ભાષણ (અસંબધ્ધકથા) રજુ કરે છે. જે સાંભળી સુત્રધાર હસી પડે છે. વિદૂષક બોલ્યેજ રાખે છે.તે પારિપાર્શ્વિક સાથે ચર્ચામાં ઉતરે છે, વચ્ચે જ તેને કોયડારુપ પ્રશ્નો પુછે છે, તેની ભુલો કાઢે છે, તેના કામમાં ખલેલ પહોંચાડે છે. તે સમયે સુત્રધાર વચમાં પડી પારિપાર્શ્વિકના કહેવાનો મર્મ સ્પષ્ટ કરે છે અને સંવાદ પુરો થાય છે. આમ, સુત્રધાર અને પારિપાર્શ્વિકના સંવાદમાં અસંબધ્ધકથા ધ્વારા ખલેલ પહોંચાડી, વિદૂષક પારિપાર્શ્વિકના વિવિધ વિધાનો કરે છે અને સુત્રધાર પાછો વચમાં પડી મુળ મુદ્દો સમજાવે છે. વિદૂષકના અસંબધ્ધ ભાષણનો સંબંધ નાટ્યપ્રયોગ સાથેજ હોવાનું, ભરતમુનિએ પ્રયોજેલા 'કાવ્યપ્રરુપિણી' શબ્દ ધ્વારા સ્પષ્ટ થાય છે.

ત્રિગતમાં, સામાન્યપણે, સુત્રધારે જેનો પ્રયોગ કરવાનું જાહેર કર્યું હોય તે નાટક, નાટ્યકાર અને પ્રયોગ વિશે સુત્રધાર, પારિપાર્શ્વિક અને વિદૂષકનો સામાન્ય વાર્તાલાપ હોય છે અને તેમાં વિદૂષક દોષ કાઢી, પ્રશ્નો પુછી અથવા ચાળા કરી હાસ્ય સર્જે છે. ત્રિગતમાં બધા સંવાદો સંદિગ્ધ હોય છે. તેમાં વિદૂષકના વિનોદી આક્ષેપોમાં એક બાજુ હસાહસ ચાલતી હોય છે તો બીજી તરફ નાટક અને નાટ્યકાર વિશે

જાણવાનું કુતુહલ પણ પ્રેક્ષકોમાં જાગે છે. પ્રેક્ષકોની આ ઉત્કંઠા પૂર્વરંગના ત્રિગત પછીના અંગ પ્રરોચનામાં નાટક અને નાટ્યકારના નામઠામ બતાવી સંતોષવામાં આવે છે. આમ ત્રિગતમાં વિનોદો વડે પ્રેક્ષકોમાં કુતુહલ નિર્માણ કરી તરતજ પ્રરોચનામાં તેનું નિરસન કરી પરિચય પૂર્ણ કરવામાં આવે છે. ત્રિગતમાં ત્રણ વ્યક્તિનો સંવાદ હોવાથી તેમાં વિદૂષકની ભૂમિકા અનિવાર્ય બની રહે છે જ્યારે પ્રરોચનાનું કાર્ય સુત્રધાર નટી, પારિપાર્શ્વિક અથવા વિદૂષકની સહાયતાથી કરે છે એટલે પ્રરોચનામાં વિદૂષકની ભૂમિકા ઐચ્છિક છે એમ કહી શકાય.

વિદૂષક મુખ્યત્વે નટમંડળીના એક ઘટક તરીકે સુત્રધારને મદદ કરે છે. પરંતુ અભિનવગુપ્તના મત પ્રમાણે જે પારિપાર્શ્વિકોમાંનો એક પારિપાર્શ્વિકજ વિદૂષકનો વેષ પહેરી, તેના જેવાજ હાવભાવ કરી અથવા તેના બોલવા-ચાલવાની પધ્ધતિનું અનુકરણ કરે છે. ત્રિગતમાં પારિપાર્શ્વિકજ વિદૂષક બની પ્રવેશે છે એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે.

'' વિદૂષક ઇતિ । પારિપાર્શ્વિકયોરન્યતરો વિદૂષકવેષભાષાચારો વિદૂષકઃ ।''

(નાટ્યશાસ્ત્ર (ગા.ઓ.સી.)-૧ પૃ. ૨૨૧

નાટ્યદર્પણકાર પણ 'વિદૂષકનો વેષ પહેરેલ પારિપાર્શ્વિક એ પણ વિદૂષક' હોવાનું જણાવ્યું છે.

'' પારિપાર્શ્વિક એવ વિદૂષકવેષધારી વિદૂષકઃ ।''

(નાટ્યદર્પણ ૩.૧૦૫)

શારદાતનયના કથન અનુસાર સુત્રધાર, નટ, નટી, પારિપાર્શ્વિક, વિદૂષક વિગેરે નટો નાટ્યપ્રયોગના કાર્ય માટે જરુરી છે. -

સુત્રધારઃ પ્રથમતો નટઃ પ્રશ્ચાત્તતો નટી ॥
સ પારિપાર્શ્વિકઃ પ્રશ્ચાત્તસ્તે ચ કુશીલવાઃ ।
વિદૂષકેણ સહિતા નાટ્યકર્મોપયોગિનઃ ॥

(ભાવપ્રકાશન અધિકાર ૧૦/૯)

ઉપરોક્ત વિવેચન ઉપરથી સ્પષ્ટ થાય છે કે વિદૂષક નટયમૂમાંના એક આવશ્યક નટ હતો અને તેને પૂર્વરંગમાંની વિશિષ્ટ કામગીરી સોંપવામાં આવી હતી.

પૂર્વરંગના વિવિધ અંગો નાન્દી, પ્રસ્તાવના, નાટક તથા નાટ્યકારનો પરિચય વિગેરે જ્યારે નાટ્યકારએ પોતેજ લખવાની શરુઆત કરી ત્યારે ત્રિગત અને પ્રરોચના જેવા પૂર્વરંગના અંગોની આવશ્યકતા રહી નહીં. જો કે ઉત્તરકાલીન સંસ્કૃત નાટકોમાં શરુઆતના પ્રસ્તાવમાં વિદૂષકનો પ્રવેશ મુકવાની પધ્ધતિ જોવા મળે છે જે ત્રિગત-પ્રરોચના જેવા પૂર્વરંગના અંગો ઉપરથી વારસારુપે ઉતરી હોવાનુ શ્રી ગોવિંદ કેશવ ભટ્ જણાવે છે. શુદ્રક કૃત 'મૃચ્છકટિક' નામના પ્રકરણ પ્રકારના રુપકમાં તેની પ્રસ્તાવનામાં વિદૂષક સ્વયં રંગમંચ ઉપર આવતો નથી પણ સુત્રધારના વાકયમાં તેનો ઉલ્લેખ આવે છે. તે જાણીબુઝીને પ્રાકૃતમાં બોલવાની શરુઆત કરે છે અને આમંત્રણ આપવાના બહાના હેઠળ, પડદા પાછળ રહેલા વિદૂષક સાથે બોલે છે. આ ઉપરાંત, નાટકના પ્રથમ અંકની શરુઆત વિદૂષકથીજ થાય છે. અહીં ત્રિગત અથવા પ્રરોચના જેવા પૂર્વરંગના અંગોના અવશેષ જોવા મળે છે.

કેટલાક ઉત્તરકાલીન સંસ્કૃત નાટકોની પ્રસ્તાવનામાં વિદૂષકનો પ્રવેશ જોવા મળે છે. મહાદેવ કવિના 'અદ્ભુતદર્પણ' નામના નાટકની પ્રસ્તાવનામાં વિદૂષક પોતાની આત્મકથા કહે છે. નાટકમાં કામ કરવું પડે છે તે માટે તકરાર કરે છે. ત્યારે સુત્રધાર તેને કહે છે કે અત્યારે (પ્રસ્તાવનામાં) તો તેને માત્ર કેટલાક વાકયોજ બોલવાનાં છે અને તેનો ખરો પ્રવેશ તો ખુબ મોડો - પાંચમાં અંકમાં આવવાનો છે, ત્યારે તે સંતુષ્ટ થાય છે અને તેથી મળે તેટલો સમય આરામ કરવા માટે તે નેપથ્યમાં ચાલ્યો જાય છે.

પંડિત જગન્નાથ કૃત 'રતિમન્મથ' નામના નાટકની પ્રસ્તાવનામાં પણ વિદૂષકનો પ્રવેશ દર્શાવવામાં આવ્યો છે. નાન્દી, પ્રસ્તાવનાની સમાપ્તિ પછી સુત્રધાર પોતે કયું કામ કરવાનો છે તે કહી અંદર જાય એટલામજ એક નટ મંચ ઉપર પ્રવેશે છે અને પોતે વિદૂષકની ભૂમિકા કરવાનો છે એમ પ્રેક્ષકોને કહે છે અને પછી બંને પડદા પાછળ

ચાલ્યા જાય છે.

કેરળ રંગભૂમિ ઉપર 'કુત્ત' નામનો નાટ્યપ્રકાર રજુ કરવાનું કામ વિદૂષકનેજ સોંપવામાં આવતું. આ અંગે વિસ્તૃત ચર્ચા પ્રસ્તુત શોધપ્રબન્ધના 'કુટિયાટ્ટમ્' વિષયક પ્રકરણમાં સ્વતંત્રપણે કરવામાં આવી છે.

**(૨) નાટકમાંનો નાયકના સહચર તરીકેની ભૂમિકા**

ભરતમુનિએ 'નાટ્યશાસ્ત્ર'ના પ્રથમ અધ્યાયમાં એવું વિધાન કર્યું છે કે -

નાયકં રક્ષતીન્દ્રસ્તુ નાયિકાં તુ સરસ્વતી ।
વિદૂષકમથોંકાર: શેષાસ્તુ પ્રકૃતીર્હર: ॥
(અધ્યાય ૧ / શ્લોક ૯૬)

અર્થાત્ નાયકનું રક્ષણ ઇન્દ્ર કરે છે, નાયિકાનું રક્ષણ સરસ્વતી કરે છે, વિદૂષકનો રક્ષા ૐકાર કરે છે અને શેષ પાત્રોનું રક્ષણ હર અર્થાત્ શિવ કરે છે.

ઉપરોક્ત શ્લોકની સમજુતી આપતાં અભિનવગુપ્ત જણાવે છે કે, મુખ્ય પાત્રોના સંરક્ષણની પ્રાર્થના વ્યક્તિગત કરવી ઇષ્ટ હોવાથી ભરતમુનિએ નાયકાદિ વિગેરે પાત્રોનો ઉલ્લેખ પૃથકપણે કર્યો છે - પ્રધાન પાત્રાણિ પૃથગ્રક્ષણીયાનીત્યાહ નાયકમિતિ । અહીં વિદૂષકનો ખાસ ઉલ્લેખ કરવાનો આશય એ છે કે વિદૂષક હાસ્ય અને શૃંગારનું મહત્વનું અંગ છે. હાસ્યશૃંગારાંગત્વાદ્વિદૂષકમિત્યુક્તમ્ । આ વચનમાં નાટકના દસ પ્રકારોનું સુચન થયેલું છે કારણ કે સમવકાર નામના રુપકપ્રકારમાં વિદૂષક હોતો નથી. અત એવ દશરુપકસ્યેણ સુચનમેતત્ સમવકારે વિદૂષકાભાવાત્ ।

આમ અભિનવગુપ્તે વિદૂષકને હાસ્ય અને શૃંગારનું મહત્વનું અંગ માન્યો છે.

ભરતમુનિના કથન અનુસાર શૃંગારમાંથી હાસ્ય ઉદ્ભવે છે અને તેથી શૃંગાર અને હાસ્ય એક બીજા સાથે સંકળાયેલા છે.

શૃંગારાદ્ધિ ભવેદ્ધાસ્યો.....॥
શૃંગારાનુકૃતિર્યા તુ સ હાસ્યસ્તુ પ્રકીર્તિત: ॥
(અધ્યાય ૬ / શ્લોક ૪૪-૪૫)

અગ્નિપુરાણમાં પણ 'શૃંગારાદ્ જાયતે હાસ્યં' એવું વિધાન છે. (અ.પુ.૩૩૯/૭) 'નાટ્યદર્પણ'માં પણ 'તત: શૃંગારાનુગામિત્વાદ્ હાસ્ય:' એવું વિધાન કરવામાં આવ્યું છે.

આમ (૧) શૃંગાર અને હાસ્યનો પરસ્પર સંબંધ (૨) નાયક અને વિદૂષક પરસ્પર સંબોધવાના નિયમો (૩) નાયક અનુરુપ વિદૂષકની યોજના - ને લીધે વિદૂષકની શૃંગાર પ્રધાન સુખાન્ત નાટકમાં, નાયકના સહચર તરીકેના પાત્રરુપે, એક વિશિષ્ટ અને સાંકેતિક ભુમિકા ઉદ્ભવી. આ ભુમિકા પછીના શાસ્ત્રકારોએ પણ માન્ય રાખી છે. અગ્નિપુરાણમાં વિદૂષકને પોઠમર્દ અને વિટની કક્ષાનો નાયકનો સહચર કહેવામાં આવ્યો છે તેમજ શૃંગારરસના સંદર્ભમાં તેને 'નર્મસચિવ' જણાવવામાં આવ્યો છે. 'નાટ્યદર્પણ' અનુસાર શૃંગાર પ્રકરણમાં પ્રેમકલહ નિર્માણ કરવો અથવા શાંત પાડવો તથા વિરહાવસ્થામાં વિનોદ ધ્વારા નાયકની વિરહવેદના ઓછી કરવી એ વિદૂષકનું કાર્ય છે. ભાવપ્રકાશનમાં, શારદાતનયે વિદૂષકને 'કામસચિવ' અને 'નર્મસચિવ' કહયો છે. વિશ્વનાથ અને શિંગભૂપાલે પણ વિદૂષકને 'નાયકના સહચર' તરીકે વર્ણવ્યો છે.

શૃંગારપ્રધાન સંસ્કૃત નાટકોમાં વિદૂષક, નાયકના સહચર તરીકે રાજાને વિવિધ રુપે સહાય કરતો જોવા મળે છે. નાયકને પ્રેમપૂર્તિમાં મદદ કરવી, વિરહાવસ્થામાં તેનું વિનોદન કરવું, એ નાયકના સહચર તરીકે વિદૂષકના મુખ્ય કાર્યો છે.

ઘણીવાર વિદૂષકજ નાયકને નાયિકાની પ્રાપ્તિ કરાવે છે. કાલિદાસ કૃત 'માલવિકાગ્નિમિત્ર'માં માલવિકા અને અગ્નિમિત્રના પ્રથમ મિલનથી વિવાહ પર્યન્તના તમામ કાર્યો વિદૂષક ગૌતમ પાર પાડે છે અને રાજાને પ્રણયપૂર્તિનું સંપૂર્ણ સમાધાન આપે છે.

પ્રેમમાં પડેલા નાયકને ઉત્તેજન આપવાનું કાર્ય સાધારણ રીતે તમામ વિદૂષકો કરે છે. ભાસકૃત 'અવિમારક' નાટકમાં પ્રેમસાફલ્યમાં અનેક અડચણો હોવા છતાં અવિમારકના કુરંગી પ્રત્યેના પ્રેમને વિદૂષક ઉત્તેજન આપે છે. શ્રીહર્ષ કૃત 'નાગાનન્દ' નાટકની શરુઆતમાં નાયક તાપસવ્રત આચરતો હોય છે. તેથી વિદૂષક આત્રેયને તેને પ્રેમ માટે ઉત્તેજવાની અથવા વિવાહ માટે પ્રવૃત્ત કરવાની તક સહેલાઇથી મળી રહે છે.

સંસ્કૃત નાટકનો નાયક રાજા બહુપત્ની ધરાવતો હોય છે. રાજાના નવીન પ્રણય સંબંધોને લીધે રાણી કોપાયમાન થતી. આવી કુપિત સ્ત્રીનું પ્રસાદન બહુધા વિદૂષકોજ કરતા હોય છે. કાલિદાસ કૃત 'માલવિકાગ્નિમિત્ર' નાટકમાં વિદૂષક ગૌતમ સર્પદંશનું નાટક કરી, બ્રહ્મહત્યાનું પાપ ધારિણીને માથે પાડે છે અને તેને પોતાને શરણે લે છે. ઇરાવતીનો ક્રોધ પણ ગૌતમના હાજરજવાબીપણાને લીધે લાંબો ટકતો નથી. 'અભિજ્ઞાન શાકુંતલ'માં માઢવ્ય જેવો બાઘો વિદૂષક, દાસી પોતાને માર મારશે એ જાણતો હોવા છતાં દુષ્યન્તના આગ્રહને વશ થઇ હંસપાદિકાનું સમાધાન કરવા તેના મહેલમાં જાય છે. 'વિક્રમોર્વશીય' નાટકમાં વિદૂષક માણવક, રાણીને પ્રસન્ન કરવા માટે, રાજાના ઉર્વશી પરત્વેના મોહને દૂર કરવાનું આશ્વાસન આપે છે.

વિરહાવસ્થામાં નાયકનું વિનોદન કરવું એ વિદૂષકનું નાયકના સહચર તરીકેનું બીજું મુખ્ય કાર્ય છે. વિદૂષક સાંત્વન આપી નાયકની વિરહવેદનાઓ ઓછી કરે છે. વિનોદ નિર્માણ કરી, અથવા ધીરતાની વાતો કહી તે નાયકના મનનો બોજો હલકો કરવાનો પ્રયત્ન કરે છે. ભાસનો વસંતક નામ અને ગામનો ગોટાળો કરે છે અને એક રમુજી વાર્તા કહી ઉદયનના મનને દિલાસો આપે છે. 'અભિજ્ઞાન શાકુંતલ'માં પોતાના પ્રેમપ્રકરણમાં વિદૂષક માઢવ્યને દૂર રાખનાર દુષ્યન્ત, શકુંતલા દૂર હોય ત્યારે સમય વ્યતિત કરવા માટે વિદૂષક પાસે આવે છે. 'મૃચ્છકટિક'માં કટોકટી સમયે ચારુદત્ત, વિદૂષક મૈત્રેયને બોલાવે છે.

(૩) વિનોદ દ્વારા હાસ્યનિર્મિતિની લોકપ્રિય ભૂમિકા

વિનોદ દ્વારા હાસ્યનું નિર્માણ કરવું એ વિદૂષકનું મુખ્ય કાર્ય છે. પૂર્વરંગમાં નટ તરીકે આવતો હોય કે પછી નાટકમાં પાત્ર તરીકે - વિદૂષકનો ઉપયોગ પ્રધાનપણે હાસ્યનિર્મિતી માટે કરવામાં આવે છે. ભરતમુનિના કથન અનુસાર શૃંગારરસના ચિત્રણમાં વિદૂષક જરુરી હોવાથી તે ચતુર બોલનાર અને હાજરજવાબી હોય છે. પછીના શાસ્ત્રકારોએ પણ 'હાસ્યનિર્મિતિ' એ વિદૂષકનું મુખ્ય કાર્ય હોવાનું અસંદિગ્ધપણે જણાવ્યું છે.

છે. જેમ કે અગ્નિપુરાણમાં વિદૂષકને વૈહસિક કહેવામાં આવ્યો છે. - '' વિદૂષકો વૈહસિક સ્ત્વષ્ટ નાયક નાયિકા: । (અગ્નિપુરાણ અધ્યાય ૩૩૯ શ્લોક ૪૦)'' દશરુપક અનુસાર વિદૂષક હાસ્ય ઉત્પન્ન કરનાર, હસાવનાર છે. ''હાસ્યકૃચ્ચ વિદૂષક: (દશરુપક ૨.૮) શારદાતનય પણ ભાવપ્રકાશનમાં આ પ્રકારનું વિધાન કરે છે.'' સર્વેષાં પરિહાસક: (ભાવપ્રકાશન અધિકાર ૮)''. વિશ્વનાથ, સાહિત્યદર્પણમાં વિદૂષકને 'હાસ્યકર' કહયો છે તો રુદ્રભટ્ટે શૃંગારતિલકમાં અને શિંગભૂપાલે 'રસાર્ણવસુધાકર'માં વિદૂષક માટે 'હાસ્યકારો' શબ્દ પ્રયોજયો છે. નાટ્યદર્પણ અનુસાર વિદૂષક હાસ્યનું નિમિત્ત હોય છે.

'તત્રાધો વિદૂષકો હાસ્યનિમિત્તં ભવતિ' (ના.દ.૪.૧૬૭) શારદાતનયે વિદૂષકોડપિ સર્વત્ર વિનોદેષુપયુજ્યતે' એવું કહયું છે.

નાટ્યશાસ્ત્રમાં એક અન્ય જગ્યાએ ભરતમુનિ જણાવે છે કે 'પોતાની બડાઇ દ્વારા, સીધા સાદા પ્રસંગમાં પણ વાચા અને કૃતિનો ગોટાળો કરી, અથવા હાસ્યકારક રંગભૂષા જેવા કૃત્રિમ સાધનો દ્વારા રંગભૂમિ ઉપર વિનોદ કરે છે અને તેનું સ્વાગત પ્રેક્ષકોએ મોકળા મનથી કરવું જોઇએ.''

વિદૂષકોચ્છેદકૃતં ભવેત શિલ્પકૃતં ચ યત્ ।
અતિહાસ્યેન તદ્ગ્રાહ્યં પ્રેક્ષકૈ ર્નિત્યમેવ તુ ॥
(અધ્યાય ૨૭ શ્લોક ૮ (કાશી))

પ્રસ્તુત શ્લોકમાં 'ઉચ્છેદ' પદ સાદા સંવાદ અથવા પ્રસંગો વિનોદમાં ફેરવી નાંખવાની વિદૂષકની વૃત્તિ સુચવે છે જયારે 'શિલ્પ' પદ હાસ્યકારક રંગભૂષા અથવા નેપથ્યનું સુચન કરે છે.

નટે વિદૂષકની ભૂમિકા કેવી રીતે ભજવવી જોઇએ એ વિષે પણ ભરતમુનિએ વિગતવાર ચર્ચા કરી છે. વિદૂષક રંગભૂમિ ઉપર પોતાના વિનોદ દ્વારા જે હાસ્ય નિર્માણ કરે છે તેના ત્રણ પ્રકાર ભરતમુનિએ ગણાવ્યા છે. (૧) અંગકૃત (૨) કાવ્યકૃત (૩) નેપથ્યજ.

વિદૂષકસ્યાપિ ગતિહાસ્યત્રયવિભૂષિતા ॥
અંગકાવ્યકૃતં હાસ્યં હાસ્યં નેપથ્યજં સ્મૃતમ્ ॥
(અધ્યાય ૧૨ શ્લોક ૧૩૭ (ગાયકવાડ))

દાંત આગળ હોય, એવો, ટાલવાળો, ખુંધિયો અથવા કદરુપો - એટલે કે કોઇપણ પ્રકારની શારીરિક વિકૃતિ ધારણ કરી - વિદૂષક પ્રવેશે અને જે હાસ્ય નિર્માણ થાય તેને ભરતમુનિએ 'અંગકૃત હાસ્ય'ની સંજ્ઞા આપી છે.

દન્તુર: ખલતિ: કુબ્જ: ખંજસ્ય વિકૃતાનન: ॥
યદોદૃશ: પ્રવેશ: સ્યાદ્ અંગહાસ્ય તુ તદ્ભવેત ।
(અધ્યાય ૧૨ શ્લોક ૧૩૮)

વિદૂષક બગલાની જેમ લાંબા ડગલાં ભરતો અથવા આંખો એકદમ ઉંચી, નીચી કે ગોળ ફેરવતો રંગભૂમિ ઉપર ફરે અને જે હાસ્ય નિર્માણ થાય તેને પણ ભરતમુનિએ અંગકૃત હાસ્ય કહ્યું છે.

યદા તુ બકવદ્ ગચ્છેત્ ઉલ્લોકિત વિલોકિતૈ: ।।
અત્યાયતપદત્વાચ્ચ અંગહાસ્યો ભવેત્તુ સ: ।
(અધ્યાય ૧૨ શ્લોક ૧૩૯)

વિદૂષકના સંવાદો ધ્વારા ઉદ્ભવતું હાસ્ય કાવ્યકૃત હાસ્ય કહેવાય છે. ભરતમુનિના કથન અનુસાર વિદૂષકના અસંબધ્ધ, નિરર્થક અને ઘણી વખત ગ્રામ્ય સંવાદો ધ્વારા કાવ્યકૃત હાસ્ય નિર્માણ થાય છે.

કાવ્યહાસ્યં તુ વિજ્ઞેયમ સમ્બધ્ધપ્રભાષણૈ: ॥
અનર્થકૈ વિકારૈશ્ચ તથા ચાશ્લીલ ભાષણૈ: ।
(અધ્યાય ૧૨ શ્લોક ૧૪૦)

ભરતમુનિના વિધાન પ્રમાણે વિદૂષક ઝાડની છાલ, અથવા ચામડું ઓઢીને, ચીથરાં વીંટાળીને, મોંએ કાળો રંગ ચોપડીને અથવા ભસ્મના પટા કે પછી ગેરુનો રંગ લગાડીને રંગમંચ ઉપર આવે ત્યારે ઉદ્ભવતા હાસ્યને 'નેપથ્યજ હાસ્ય' કહી શકાય.

ચીર ચર્મ મષીભસ્મગૈરિકાધૈસ્તુ મણ્ડિત: ॥
યસ્માદ્દૃશો ભવેદ્વિપ્રા હાસ્યા નેપથ્યજસ્તુ સ: ।
(અધ્યાય ૧૨ / શ્લોક ૧૪૧)

'નાટ્યશાસ્ત્ર'ના ગતિપ્રચાર અધ્યાયમાં ભરતમુનિએ વિદૂષકે રંગભૂમિ ઉપર કેવી રીતે ઉભા રહેવું, પ્રસંગોચિત અભિનય કેવી રીતે કરવો તે અંગેનું વિવરણ પણ આપ્યું છે. તદાનુસાર સ્વાભાવિક હલનચલન કરતી વેળા વિદૂષકે પોતાની કુટિલક નામની લાકડી ડાબા હાથમાં રાખી, જમણા હાથ વડે ચતુર મુદ્રા દર્શાવી શરીરની એક બાજુ મસ્તક, હાથ અને પગ, લય અને તાલને અનુસરીને ક્રમે ક્રમે વાળવા જોઇએ.

ગતિપ્રચારં વિભજેત્ નાનાવસ્થાન્તરાત્મકમ્ ।
સ્વભાવજાયાં વિન્યસ્ય કુટિલં વામકે કરે ॥
તદા દક્ષિણહસ્તે ચ કુર્યાચ્ચતુરકં પુન: ।
પાર્શ્વમેકં શિરશ્ચૈવ હસ્તોઽથ ચરણસ્તથા ॥
પર્યાયશ: સંનમયેદ્ લયતાલવશાનુગ: ।
(અધ્યાય ૧૨ / શ્લોક ૧૪૨-૧૪૫)

ઉપરોક્ત ગતિને ભરતમુનિએ વિદૂષકની સ્વાભાવિક ગતિ કહી છે. એનાથી વિરુદ્ધ ગતિને કૃત્રિમ ગતિ કહી છે. કૃત્રિમ ગતિ એટલે કે જાણી જોઇને કરેલી ગતિ. જેમ કે ગર્વ અથવા શોકની ભાવના બતાવવી હોય તો તેની ગતિ માટે લય દ્રુત અને કાલ વિલંબિત હોય છે. ભરતમુનિ જણાવે છે તેમ જો વિદૂષકને ભોજન અથવા વસ્ત્રાદિ અલંકાર અચાનક ભેટ તરીકે મળે તો તેણે એકદમ ટટ્ટાર ઉભા રહી અથવા શરીરની કોઇ પણ હિલચાલ દર્શાવ્યા વિના સ્તંભિત થયો હોય એવો અભિનય કરી તે બતાવવું જોઇએ.

સ્વભાવજા તુ તસ્યૈષા ગતિરન્યા વિકારજા ।
અલાભલાભાદ્ ભુકતસ્ય સ્તબ્ધા તસ્ય ગતિર્ભવેત્ ।
(અધ્યાય ૧૨ / શ્લોક ૧૪૬)

પ્રસ્તુત શ્લોક ભાગની ટીકા અભિનવગુપ્તે આ પ્રમાણે આપી છે.

પછીના શાસ્ત્રકારોએ ભરતમુનિના ઉપરોકત વિધાનોનું અનુસરણ કર્યું છે. 'નાટ્યદર્પણ અનુસાર હાસ્ય ઉત્પન્ન કરવા માટે વિદૂષક રંગભૂમિ ઉપર જાણી જોઇને ઢીલો ચાલે ચાલે છે.

વિદૂષકોઽપિ ચ હાસ્યાર્થં બુધ્ધિપૂર્વકમેવ વિસંસ્થુલં વિચેષ્ટતે ।''

(નાટ્યદર્પણ ૩/૧૦૩)

ભરતમુનિએ જણાવેલ ત્રિવિધ હાસ્યનું વર્ણન નાટ્યદર્પણમાં પણ કરવામાં આવ્યું છે, જે ભરતાનુસારી છે. (૪/૧૬૭ ઉપરની ટીકા)

ભરતમુનિએ ત્રિવિધ હાસ્ય-અંગકૃત, કાવ્યકૃત તથા નેપથ્યજને અનુક્રમે આંગિક, વાચિક તથા આહાર્ય અને ત્રિવિધ અભિનયમાં વહેંચી શકાય.

અંગકૃત હાસ્યના અનુરોધમાં વાંકુ ચુંકું માથું, ટાલ, ખુંધ, વાંદરા જેવો ચહેરો જેવી શારીરિક વિકૃતિનો નાટ્યકારોએ ઉલ્લેખ કર્યો છે. અંગકૃત હાસ્યના સંદર્ભમાં નટે કરવાના વિશિષ્ટ આંગિક અભિનયના પ્રસંગો પણ સંસ્કૃત નાટ્યસાહિત્યમાં મળી આવે છે. જેમ કે સ્વસ્તિવાચનના લાડવા, વસ્ત્ર અલંકાર જેવી ભેટ સ્વીકારવી, દા.ત. રાણીએ સ્વસ્તિવાચનનું આમંત્રણ આપ્યું હોવાનું જાણતાંજ 'પ્રિયદર્શિકામાંનો વિદૂષક તત્પરતાથી કુવા ઉપર ન્હાવા જાય છે અને મંત્રો ભણતો હોય તેમ હોઠ ફફડાવતો રાજમહેલ તરફ દોટ મુકે છે. 'અભિજ્ઞાન શાકુંતલ'માં વિદૂષક માઢવ્ય ભોજનનો અભિનય દર્શાવે છે.

'માલવિકાગ્નિમિત્ર'ના ચોથા અંકમાં વિદૂષક ગૌતમ તથા 'પ્રિયદર્શિકા'ના ૩ જા અંકમાં વિદૂષક વસંતક બેઠા બેઠા ઉંઘમાં ઝોકાં ખાય છે.

'સ્વપ્નવાસવદત્તા'માં ચોથા અંકમાં વિદૂષક વસંતક જમીન ઉપર પડેલી ફુલની માળાને સાપ સમજી ગભરાઇને પાછો ફરે છે. 'માલવિકાગ્નિમિત્ર' નાટકમાં વિદૂષક ગૌતમ માથે વાંકોચુંકો લાકડો પડતાં સાપ સમજી ગભરાય છે અને ઝબકીને જાગે છે.

'અભિજ્ઞાન શાકુંતલ' નાટકના ત્રીજા અંકમાંના માઢવ્યના ' અંગભંગ વિકલ ઇવ ભૂત્વા સ્થાસ્યામિ'એ ઉદ્ગારોમાં શરીર અકડાઇ ગયું હોય એવું દર્શાવવાનો આંગિક અભિનય અભિપ્રેત છે.

'રત્નાવલી'માં વિદૂષક વસંતક ચપટીઓ વગાડી નૃત્ય કરે છે અને તેમાં થતો આનંદ વ્યકત કરે છે.

કેટલાક નાટકોમાં વિદૂષક 'વીર'ને છાજે તેમ હાથમાંની લાકડી ઉઠાવી કબુતરો પાછળ અથવા તો આંબાના વૃક્ષ તરફ દોટ મુકે છે.
(સ્વપ્નવાસવદત્તા અંક-૪, મૃચ્છકટિક અંક-૫ તથા શાકુંતલ અંક-૬ માં વિદૂષકનો અભિનય)

કેટલાક નાટકોમાં વિદૂષકને કોઇ 'રાજાના નાનાભાઇ' અથવા તો યુવરાજ તરીકે સંબોધે ત્યારે તે ગર્વથી ફુલાઇ જાય છે. (શાકુંતલ અંક-૨, મૃચ્છકટિક અંક-૧)

'અવિમારક'માં વિદૂષક સંતુષ્ટ પોતે સ્ત્રી હોવાનો અભિનય કરે છે.

ઉપરોકત ઉદાહરણોમાં 'અંગકૃત હાસ્ય' અભિપ્રેત હોવાનું જણાય છે.

વિદૂષકોના ભ[illegible]માંથી-સંવાદમાંથી નિપજતું હાસ્ય તે કાવ્યકૃત હાસ્ય. સંસ્કૃત નાટ્યસાહિત્યમાં ભાસ, કાલિદાસ, શૂદ્રક વિગેરે નાટ્યકારોએ લખેલ વિદૂષકના સંવાદો જેટલા અણીદાર છે તેટલાજ બુધ્ધિના ચળકાટથી યુકત પણ છે.

'સ્વપ્નવાસવદત્તા'માં શાબ્દિક ગોટાળાને લીધે ઉદ્ભવતું કાવ્યકૃત હાસ્ય જોવા મળે છે. વિદૂષક વસંતક રાજાનું નામ શહેર માટે અને શહેરનું નામ રાજા માટે વાપરે છે. યથા -

'અસ્તિ નગરં બ્રહ્મદત્તં નામ । તત્ર કિલ રાજા કાંપિલ્યો નામ ।''

પ્રસ્તુત નાટકમાં વિદૂષક વસંતકના પેટમાં અપચાને લીધે ગરબડ થતી હોય છે તે વર્ણવતી વેળા કોયલની બે આંખોમાં ફરતા ડોળાની તે ઉપમા આપે છે. યથા -

'મમ કોકિલા નામક્ષિપરિવર્ત ઇવ કુક્ષિપરિવર્તઃ સંવૃત્તઃ ।''

પ્રસ્તુત વાકયમાં અક્ષિ અને કુક્ષિ એ શબ્દોમાંનું સામ્ય તેમજ પરિવર્ત શબ્દમાંનો શ્લેષ હાસ્યમાં ઉમેરો કરે છે અને જયારે વિદૂષક ઉતાવળમાં કાગડાને કોયલ કહે છે ત્યારે હાસ્યની પરાકાષ્ટા સર્જાય છે.

શુદ્રકના 'મૃચ્છકટિક' નામના પ્રકરણમાં વિદૂષક મૈત્રેયે કરેલો શાબ્દિક ગોટાળો વધુ મનોરંજક છે, ભીંતમાં બાકોરું પાડી ચોર નાસી ગયા હોવાનું જયારે રદનિકા તેને

જણાવે છે ત્યારે અડધો ઉંઘમાં જાગીને તે ઉતાવળમાં પુછે છે '' શું કહયું ? ચોરને લાકડું પાડી બીન નાંસી ગઇ ? પછીના પ્રસંગમાં ચેટ તેને વસંતસેના આવી હોવાનું જણાવે છે. વસંતસેનાનું આગમન જણાવવા ચેટ ઉખાણાની ભાષાનો પ્રયોગ કરે છે. પ્રથમ 'સેના' શબ્દ ઉચ્ચારે છે અને પછી 'વસન્ત' શબ્દ ઉચ્ચારી વિદૂષકને 'પાદૌ પરિવર્તય' અર્થાત્ શબ્દો ફેરવી નાંખવા કહે છે પણ વિદૂષક મૈત્રેયને તેમાં કંઇ સમજાતું નથી અને તે શબ્દો ફેરવવાની જગ્યાએ પોતાના પગ ફેરવે છે.

શબ્દોની રમત ઉપર આધારિત વિનોદ ઉપરાંત વિદૂષકના માર્મિક ઉદ્ગારો દ્વારા પણ વિનોદ વ્યકત થતો જોવા મળે છે. 'માલવિકાગ્નિમિત્ર' માં ધારિણી એવું માને છે કે જો માલવિકાને અગ્નિમિત્રની નજરથી દુર રાખવી હોય તો બે નૃત્યાચાર્યો ગણદાસ તથા હરદત્ત વચ્ચેનો કલહ ટાળવો જોઇએ. તેથી બે પંડિતો વચ્ચેનો કલહ અર્થહીન હોવાનું તે જણાવે છે ત્યારે વિદૂષક બોલી ઉઠે છે કે, '' રાણીસાહેબ, થઇ જવા દો બે બકરાઓની ટક્કર । આપણે કયાં એમને મફતનો પગાર આપીએ છીએ ?''

'અભિજ્ઞાન શાકુંતલ'માં રાજા દુષ્યન્ત, તાપસોની વિનંતીને માન આપી આશ્રમમાં રહેવું કે રાજમાતની આજ્ઞા પ્રમાણે રાજધાની પાછા ફરવું એવી દ્વિધા અનુભવે છે ત્યારે વિદૂષક માઢવ્ય રાજાને સલાહ આપતાં કહે છે, '' ત્રિશંકુની માફક વચમાંજ લટકતો રહે ।'' આવા માર્મિક ઉદ્ગારો દ્વારા નિષ્પન્ન થતા હાસ્યને'કાવ્યકૃત હાસ્ય' કહી શકાય !

સંસ્કૃત નાટ્યસાહિત્યમાં નેપથ્યજ અથવા આહાર્ય હાસ્યનાં ઉદાહરણો પણ મળી આવે છે. 'માલવિકાગ્નિમિત્ર'નો વિદૂષક ગૌતમ સર્પદંશનું નાટક કરતી વખતે જનોઇ અંગળીએ વીંટાળે કે પછી 'રત્નાવલી'નો વિદૂષક વસંતક જનોઇના સોગંદ ખાય કે 'નાગાનન્દ'ના વિદૂષક આત્રેયની જનોઇ ખેંચે અને તે તુટી જાય કે પછી વિદૂષક આત્રેય સ્ત્રીની માફક આખા શરીરે લુગડાં વીંટાળે. આ તમામ ઉદાહરણોમાં નેપથ્યજ હાસ્ય નિષ્પન્ન થતું જોવા મળે છે.

## નાયિકાની સહાયિકા - દૂતી

સંસ્કૃત નાટ્યશાસ્ત્રીય ગ્રંથોમાં નાયિકાની સહાયિકા તરીકે દૂતીઓનું નિરુપણ થયું છે. ભરતમુનિએ નાટ્યશાસ્ત્રના 'વૈશિક ઉપચાર' અધ્યાય અંતર્ગત દૂતી નિરુપણ કર્યું છે.

### દૂતીનાં લક્ષણો

ભરતમુનિના કથન અનુસાર નાયક-નાયિકાના પારસ્પરિક પ્રોત્સાહનમાં ચતુર, મધુરકથા અથવા મધુરભાષિણી, દક્ષિણ, કાલજ્ઞા, લસહા અર્થાત્ આચરણમાં મનોહરતા અથવા આકર્ષણ ધરાવનારી અને ગુપ્ત રહસ્યોના રક્ષણ માટે સક્ષમ નારીને દૂતી બનાવવી જોઇએ. (અધ્યાય ૨૫ /શ્લોક ૧૧)

દશરુપક અનુસાર દૂતી નાયકના મિત્ર જેવા ગુણો ધરાવે છે. (મૈત્રમિત્રગુણાન્વિતા) દશરુપકના ટીકાકાર ધનિકના મત પ્રમાણે નાયિકા પોતાની કાર્યસિધ્ધિ માટે સ્વયં દૂતી પણ બનતી હોય છે. નાયકના સહાયક પીઠમર્દ વિગેરેમાં જે ગુણ હોય છે તે ગુણો દૂતીમાં પણ હોવા જોઇએ. અર્થાત્ તે વિચક્ષણા હોય છે, નાયિકાનો અનુચર, ભક્ત તથા તેનાથી ઉતરતા ગુણવાળી હોય છે.

નાટ્યદર્પણ અનુસાર પ્રિયની સાથે મિલન કરાવવામાં સહાયિકા દૂતિ કહેવાય છે. તે ગુપ્તા અર્થાત્ રહસ્ય છુપાવી શકવામાં સમર્થ, દક્ષા અર્થાત્ દેશ-કાળ-આચાર વિગેરેને સમજનારી, મૃદુ અર્થાત્ અહંકારરહિત અને સ્થિરા અર્થાત્ ચપલતારહિત હોવી જોઇએ. (સૂત્ર ૨૮૮)

ભાવપ્રકાશન અનુસાર દેશકાલજ્ઞતા, ભાષામધુરત્વ, વિદગ્ધતા, પ્રોત્સાહનમાં પ્રૌઢતા ગુપ્તમન્ત્રતા તથા યથોક્તકથન વિગેરે દૂતીનાં લક્ષણો છે. (૪/૧૩૨)

### દૂતીનાં નિષિધ્ધ ગુણો

ભરતમુનિના કથન અનુસાર બુધ્ધિમાન નાયક નાયિકાએ જડબુધ્ધિ, સુન્દર, સમૃધ્ધ અથવા રુગ્ણ નારીની દૂતી તરીકે નિયુક્તિ ના કરવી જોઇએ. (અધ્યાય ૨૫/શ્લોક ૧૨)

ભાવપ્રકાશન અનુસાર દીન, અર્થવાન, અતિચતુર અને જડ નારીની દૂતી તરીકે નિયુક્તિ ન કરવી જોઇએ. (૪/૧૩૧)

દૂતીના ભેદ

સાહિત્યદર્પણમાં દૂત/દૂતીઓના ત્રણ ભેદ માનવામાં આવ્યા છે. (૧) નિસૃષ્ટાર્થ (૨) મિતાર્થ (૩) સન્દેશહારક.

જેણે મોકલી હોય અને જેની પાસે મોકલી હોય તે બંનેના અભિપ્રાયોનો ઉહાપોહ કરી જે પોતાની મેળે ઉત્તર આપવામાં તથા કામ કઢાવવામાં કુશળ હોય તેવી દૂતી નિસૃષ્ટાર્થ કહેવાય છે. જે પરિમિત વાતો કહે અને કાર્ય પાર પાડે તે મિતાર્થ દૂતી અને કહેલા સંદેશને યથાવત્ પહોંચાડે તે સન્દેશહારક દૂતી કહેવાય છે. (૩/૪૮-૪૯)

દૂતીનાં કાર્યો

ભરતમુનિના કથન અનુસાર દૂતીએ અનેક કારણો બતાવી, નાયકે કહેલા શબ્દોને યથાવત્ કહી, તેની અવસ્થાનું વર્ણન કરી નાયિકાને પ્રણય માટે પ્રોત્સાહિત કરવી જોઇએ. આ ઉપરાંત તેણે નાયકના કુળ, ધન તથા સુખના આધિક્યનું દર્શન કરતાં તેની પ્રશંસા કરવી જોઇએ અને પછી નાયકનું ધામ બતાવી પ્રયોજન અથવા પારસ્પરિક મિલનના વિવિધ ઉપાયો બતાવવા જોઇએ. પ્રણયમાં અભિભૂત થઇ પ્રથમવાર પ્રિયસંગમમાં પ્રવૃત્ત થનારી અથવા નાયકથી ક્રુધ્ધ થઇ જનારી નાયિકા સાથે નાયકના મિલનના અનેક ઉપાયો દૂતીએ પ્રયોજવા જોઇએ. નાયીકા સાથે નાયકનું પ્રથમ મિલન ઉત્સવ સમયે, રાત્રિવેળા, ઉદ્યાનમાં, મિત્રના ઘરે, નિમંત્રણના સ્થાને અથવા બીમારીના બહાને કોઇ સૂના ઘરમાં તેણે કરાવવું જોઇએ. (અધ્યાય ૨૫ / શ્લોક ૧૩ થી ૧૮)

ભાવપ્રકાશનમાં પણ દૂતીનાં કાર્યો નિરુપવામાં આવ્યા છે જે ભરતાનુસારી છે. (પૃ.૯૪ : ૧૧ થી ૧૯) કાવ્યાનુશાસનમાં હેમચંદ્રાચાર્યે દૂતીનાં કાર્યો નિરુપ્યા છે જે ભરતમુનિના કથનોની પુનરાવૃત્તિ છે. (૧/૫/૨૮, ૨/૫/૨૮)

## વિવિધ - દૂતીઓ

દૂતીકાર્ય માટે વિજ્ઞાનગુણસંપન્ના, કથની અર્થાત્ કથા કહેનારી, લિંગિની અર્થાત્ ભિક્ષુણી, રંગોપજીવના અર્થાત્ નટી, પ્રતિપત્તિવિચક્ષણા, પ્રાતિવેશ્યા, સખી, દાસી, કુમારી, કારુ (ધોબણ), શિલ્પીની, ધાત્રી, પાખંડિની, તથા ભવિષ્યકથન કરનારી સ્ત્રીઓ દૂતીઓ તરીકે નિયુકત કરવી જોઇએ એવું ભરતમુનિનું કથન છે. (અધ્યાય ૨૫/શ્લોક ૯ થી ૧૦)

દશરુપક અનુસાર દાસી, સખી, ધોબણ, ઘરનું કામકાજ કરનારી નોકરાણી, પડોશણ, ભિક્ષુણી, ચિત્ર બનાવનારી સ્ત્રી દૂતીઓ બની શકે છે. (૨/૨૯)

નાટ્યદર્પણ અનુસાર ધાત્રી, લિંગિની, પ્રાતિવેશિકા, શિલ્પિની, ચેટિકા વિગેરે દૂતીઓ સંભવી શકે છે. (સુત્ર ૨૮૮)

ભાવપ્રકાશન અનુસાર કથિની, લિંગની, દાસી, કુમારી, ધોબણ, શિલ્પિકી, પાખંડિની, પડોશણ, સખી, રંગોપજીવિની, ધાત્રેયિકા, પ્રેક્ષણિકા દૂતીઓ બની શકે છે. (૪/૧૩૦)

## સંસ્કૃત નાટ્યસાહિત્યમાં દૂતીઓ

'માલતીમાધવ'માં કામન્દકી સર્વગુણસંપન્ન દૂતી છે. માધવ તેના ગુણોનું વર્ણન કરતાં કહે છે કે, 'શાસ્ત્રમાં પ્રતિષ્ઠા , સ્વાભાવિક જ્ઞાન, હિંમત, ગુણોના અભ્યાસથી સંપન્ન વાણી, કાર્યને ઉચિત સમયનું અનુસરણ અને પ્રતિભાની નવીનતા -(કામન્દકીના) આ ગુણ કાર્યોમાં મનોરથ પૂર્ણ કરનારા છે.(અંક ૩ / શ્લોક ૧૧)

'માલવિકાગ્નિમિત્ર'માં રાણી ધારિણી ઇજાગ્રસ્ત થાય છે ત્યારે પરિવ્રાજિકા કથિની પ્રકારની દૂતી બની રહે છે.

આમ નાયકના સહાયક પાત્રોમાં પીઠમર્દ, વિટ, ચેટ, વિદૂષકનો સમાવેશ થાય છે જ્યારે વિરોધી પાત્રોમાં પ્રતિનાયકનો સમાવેશ થાય છે. જ્યારે નાયિકાના સહાયક પાત્રમાં દૂતીનો સમાવેશ થાય છે. ઉપલબ્ધ પ્રશિષ્ટ સંસ્કૃત નાટ્યસાહિત્યમાં આ તમામ પાત્ર પ્રચુર માત્રામાં મળે છે.